વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની
શ્રી લક્ષ્મીનારાયણ દેવની સંસ્થાનનું સમસ્ત સત્સંગ સમાજનું માસિક

# શ્રી વડતાલધામ સત્સંગ

વર્ષ : ૪, અંક : ૮, ઓક્ટોબર - ૨૦૧૩
છુટક નકલ કિંમત રૂ. ૫-૦૦



॥ श्रीहरि ॥



सनातन धर्मधुरंधर आचार्य श्री १००८ श्री राकेशप्रसादजी महाराजश्री

श्री लक्ष्मीनारायण देव दक्षिण देश गादी
संस्थान : वडताल – पीन : ३८७ ३७५

ता. ૪-૧૧-૨૦૧૩
કારતક સુદ-૧

# नूतन वर्षाभिनंदन

ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રીત પરમાદરણી સંતો, હરિભક્તો સર્વ શ્રી લક્ષ્મીનારાયણ દેવના આશ્રીતજનો પ્રતિ વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધીપતિ સનાતન ધર્મ ધુરંધર ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના વિક્રમ સંવત ૨૦૭૦ના કારતક સુદ - ૧ (પડવાથી) શરૂ થતાં નૂતન વર્ષના અભિનંદન સહ ઘણા જ હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચવા.

વિષેશ પરબ્રહ્મ પુરૂષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી મહારાજઆ ભુમી ઉપર ધર્મનું સ્થાપન કરવા સારૂ પ્રગટ થઈ કૃપા કરી આપણને સહુને દિવ્ય શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રાપ્તિ કરાવી આપી છે.

આ કલ્યાણકારી સંપ્રદાયને આશરીને હવે સહુએ સત્સંગ કરી લેવો. આ સત્સંગ કલ્પવૃક્ષ અને ચિંતામણી જેવો છે. તેનાં તમામ અંગો દેવ, મંદિર, શાસ્ત્ર, આચાર્ય, સંત અને હરિભક્તોમાં દિવ્યભાવ રાખવો અને સત્સંગમાં શ્રીહરિ સદાય પ્રગટ બિરાજે છે. માટે જેનો જેવો ભાવ હોય તે જણાયા વિના રહેતો નથી. માટે મહિમા રાખી ભગવાન શ્રીહરિની ઉપાસના કરી ધર્મમાં રહી ભગવાનની તથા ભગવાનના અવતારોની કથા શ્રવણ કરી ભગવત સ્મરણ કરવું. એ જસાચો જીવના કલ્યાણનો ઉપાય અમોને લાગે છે.


નૂતન વર્ષે ઉપર પ્રમાણે સર્વે રૂડો સંકલ્પ કરવો.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અમારી હૃદય પૂર્વક પ્રાર્થના છે કે, તમો ॥ મુકમ કરોતી વાચાલમ્ છો ॥ આપ સર્વ સંતો ભક્તોને આપની કૃપા દ્રષ્ટ્ આપો તેવી અમારી આપના ચરણોમાં પ્રાર્થના છે.

આપ સર્વ આશ્રીતોનું ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ રૂડું કરે તેવી હૃદયપૂર્વક પ્રાર્થના સહ નૂતન વર્ષાભિનંદ.

આચાર્ય મહારાજશ્રી

# નૂતન વર્ષાભિનંદન



**શા. સ્વામી શ્રી નીલકંઠચરણદાસજી**
**મુખ્ય કોઠારીશ્રી વડતાલ**

*વ્રતપુર મહિમા કહ્યો ન જાય,*
*કદિ મુખ શેષ સહસ્ત્ર કલ્પ ગાય ।*
*વૃશસુતતાણી મુખ્ય ગાદી જ્યાં છે,*
*ત્રીભુવન તત્ત્વ અનેક તીર્થ ત્યાં છે ॥*

- હરિ. ક.૧, વિ. ૧૩

**વ્હાલા ભક્તજનો નૂતન વર્ષાભિનંદન સહ જય સ્વામિનારાયણ...**

ચંદન, વંદન અને અભિનંદનની પરંપરા ભારતીય સંસ્કૃતીનું ગૌરવ વધારનાર, દિવ્યતા પ્રસરાવનાર, આત્મીયતાના તાતણે બાંધનાર પરંપરા છે. અંતઃશત્રુઓનું નિકંદન કરીને જીવનને ધર્મનંદન-ભક્તિનંદનમય બનાવીએ એ જ જીવનની સાર્થકતા છે.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે કૃપા કરીને આત્યંતિક કલ્યાણ માટે વડતાલમાં પોતાનું સ્વરૂપ શ્રી હરિકૃષ્ણ મહારાજ પધરાવ્યું છે તથા લક્ષ્મીનારાયણ આદિક મૂર્તિઓ પણ આપી છે. વળી આપણને મનુષ્ય દેહ આપીને આ દિવ્ય અલૌકિક સત્સંગની પ્રાપ્તિ કરાવીને આપણા પર અનહદ કરૂણા વરસાવી છે.

સત્સંગમાં દિવ્યતા - સુહૃદતા અને આત્મિયતા વધે, પરિવારમાં સુખ-શાંતિ અને સંપ વધે, જીવનમાં ભજન-ભક્તિ અને સત્સંગનો યોગ વધે તેવા હર હંમેશ પ્રયાસ કરતા રહેશો.

સંવત ૨૦૭૦નું નૂતન વર્ષ આપના જીવનમાં અને પરિવારમાં પ્રભુ ભક્તિમય, સંપમય, સત્સંગમય અને સુખ-શાંતિ પ્રદાન કરનારું નિવડે તેવી આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા લક્ષ્મીનારાયણદેવને પ્રાર્થના સહ નૂતન વર્ષાભિનંદન પાઠવીએ છીએ.

**લી.**
**સ્વામી શ્રી નીલકંઠચરણદાસના જય શ્રી સ્વામિનારાયણ....**
**મુખ્ય કોઠારી શ્રી - વડતાલ સંસ્થાન.**



# નૂતન વર્ષાભિનંદન




પાર્ષદ શ્રી ભાસ્કર ભગત
ચેરમેનશ્રી વડતાલ સંસ્થાન

વિક્રમ સંવત ૨૦૭૦ના નૂતન વર્ષના નવલાં પ્રભાતે વડતાલમાં પ્રગટ બિરાજતાં શ્રી હરિકૃષ્ણ મહારાજની કૃપા આપના તથા આપના પરિવારમાં નવો પ્રકાશ પૂંજ પાથરે અને આધ્યાત્મના ઊંચા મૂલ્યો આજ્ઞા, ઉપાસના, નિષ્ઠા, મહિમા તથા એકાંતિકપણાનાં ગુણો વિશેષ દ્રઢ કરવાનું નવું જોમ પ્રેરે અને ભૌતિક જીવનમાં સુખ અને સમૃદ્ધિ સાથે પરિવારમાં સંપ, સુહૃદતા, પ્રેમ, નિરોગીપણું વગેરે પ્રાપ્ત થાય તેમજ સુખ અને સમૃદ્ધિથી છલકાતાં ઘરનાં આંગણ અમૃતમય બને અને આ લોક અને પરલોકમાં સુખી થાવ તેમજ ભક્તિમય વાતાવરણથી જીવન મધમધતું રહે તેવી વરતાલ વિહારી સર્વાવતારી આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજનાં ચરણમાં પ્રાર્થના સહ નૂતન વર્ષાભિનંદન.

લી.
પાર્ષદ શ્રી ભાસ્કરભગતના જય શ્રી સ્વામિનારાયણ
ચેરમેનશ્રી - વડતાલ સંસ્થાન.

श्री स्वामिनारायण मंदिर
वडताल धाम
॥ वृत्तालये स भगवान् जयतिह साक्षात् ॥



॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# Shree Vadtaldham Satsang


Web Site :
www.vadtalmandir.org

E-mail address :

vsm191@yahoo.co.in


## Subscription

(india)
1 year ₹. 50
Lifetime ₹. 500,
For Other Countries
(airmail) ₹. 6750
(lifetime)


Year - 4
Volume - 8
Octomber - 2013


## મુને મળીયા તે મોહનરાય...

મુને મળીયા તે મોહનરાય, સપરમો દહાડો રે;
કરીએ આનંદ ઉત્સવ આજ, રંગ અખાડો રે સ૦ ૧
થાળ ભરો ગજમોતીએ રે, સરવે લીયો શુભ સાજ;
વેલેરાં જઈને વધાવિયે, વ્હાલો રંગભીનો વ્રજરાજ. સ૦ ૨
મંગળ ગાવો માનનીરે, અધિક કરો ઉછાવ;
આપણે કાજે આવીયા ચાલી, નટવર સુંદર નાવ. સ૦ ૩
તોરણ બાંધો ટોડલે રે, સુભગ સજો શણગાર;
બ્રહ્માનંદના નાથને જાયે, વારણે વારમવાર. સ૦ ૪


**OWNER:** Vadtal Temple Managing Trustee Board, Vadtal, **PUBLISHER / PRINTER & EDITOR:** Chief Executive Kotharishree Shashtri Swami Nilkanthcharandasji Guru Swami Harijivandasji, **PUBLISHED & PRINTING :** Shree LaxmiNarayandev Offset Press, **AT & POST:** Vadtal, Tal. Nadiad, Dist. Kheda, Gujarat Pin: 387375, **Phone :** (0268) 2589728,776

# અનુક્રમણિકા



શ્રી હરિકૃષ્ણમહારાજ શ્રી કૃષ્ણ શ્રી રાધિકાજી



શ્રી રણછોડરાય શ્રી નારાયણ શ્રી લક્ષ્મીજી



શ્રી વાસુદેવનારાયણ શ્રી ધર્મદેવ શ્રી ભક્તિમાતા


| ક્રમ | લેખ - લેખક | પાન નં. |
|---|---|---|
| ૧ | **"મોહ"**<br>- સદ્.શા. સ્વામી શ્રી નીલકંઠચરણદાસજી | ૫ |
| ૨ | **''આધ્યાત્મમંથન'' - ૨૩**<br>- સ્વામી શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી | ૬ |
| ૩ | **માંગરોળના મેઘજી સુખડિયા**<br>- સ્વામી શ્રી બ્રહ્મપ્રકાશદાસજી | ૧૦ |
| ૪ | **શ્રી મીર સફરાઅલી-વડોદરા**<br>- શા.સ્વામી શ્રી સંતવલ્લભદાસજી | ૧૪ |
| ૫ | **શિક્ષાપત્રી - A Management Mannual**<br>- ડો. સુરેશ પટેલ | ૧૮ |
| ૬ | **સંસ્થા અને સત્સંગ સમાચાર** | ૨૧ |
| ૭ | **માસિક ભેટ નામાવલી** | ૨૩ |

# "મોહ"

લેખક : પ.પૂ.સદ્.શા.શ્રી નીલકંઠચરણદાસજી સ્વામી
(મુખ્ય કોઠારીશ્રી - વડતાલ)

"મોહ" શબ્દ સંસ્કૃતના મુહ્ ધાતુ ઉપરથી બનેલો છે. મુહ્ (મોહ)નો અર્થ છે, મૂર્છિત થવું, બેભાન થવું, મૂંઢ બનવું, અચેતન થવું.

કોઈ વ્યક્તિને શારીરિક ઈજા થાય છે ત્યારે વ્યક્તિ બેભાન બની જાય છે, તેની બાહ્ય ચેતનાનો લોપ થાય છે, ત્યારે તે અવસ્થાને આપણે મૂર્છા કહીએ છીએ પરંતુ મોહ એ જુદી ઘટના છે, મોહ દરમિયાન વ્યક્તિ બાહ્ય રીતે બેભાન બનતી નથી પરંતુ માનસિક રીતે તે બેભાન બની જાય છે, એક પ્રકારની સૂક્ષ્મ મૂર્છા છે. શારીરિક ઈજાથી બેભાન બનેલી વ્યક્તિ મૂર્છાને પામે છે, ત્યારે તેને શરીરની ખબર રહેતી નથી તેમ માનસિક રીતે મૂર્છા પામેલ વ્યક્તિને પણ માનસિક ખબર રહેતી નથી. મોહિત વ્યક્તિ માનસિક રીતે ઘવાયેલી હોય છે, જેમ શારીરિક મૂર્છા છે. તેમ માનસિક મૂર્છા છે આ મૂર્છાને મોહ કહીએ. જે વ્યક્તિને મોહ વ્યાપે છે તેને સાર અસારનો વિવેક રહેતો નથી, આ કરવા યોગ્ય છે કે આ કરવા યોગ્ય નથી એવો વિવેક રહેતો નથી તેનું નામ "મોહ" છે.

ગઢડા મધ્ય પ્રકરણના પહેલા વચનામૃતમાં સ્વામીએ શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો કે હે મહારાજ ! મોહનું શું રૂપ છે (લક્ષણ)? તેનો ઉત્તર આપતા શ્રીજી મહારાજ કહે છે કે મોહનું રૂપતો મનને વિશે ભ્રાંતિ જેવું થઈ જાય છે તે જણાય છે, જ્યારે પુરૂષના હૃદયમાં (ચિતમાં) મોહન વૃદ્ધિને પામે છે ત્યારે મનમાં વિભ્રાંતિ વિશેષ થાય છે પછી આ કરવા યોગ્ય છે ને આ કરવા યોગ્ય નથી એવો વિવેક રહેતો નથી તેનું નામ "મોહ" છે.

ઉપરોક્ત મોહની વ્યાખ્યા શ્રીજી મહારાજે કરી છે, માટે જ્યારે માનસિક વિવેક રહેતો નથી ત્યારે તે વ્યક્તિ માનસિક મૂર્છિત છે અર્થાત્ મોહિત છે. આપણા મગજના કેન્દ્રમાં સાર અસારનો વિવેક હોય છે, આ વિવેક ઝાંખો પાડી દેવા પ્રકૃતિ (માયા) એક તરકીબ અજમાવે છે, આ તરકીબ તે જ મોહ છે. મોહિત વ્યક્તિ વિવેકહીન થઈ જાય છે. મોહતિ હોવા છતા પણ વ્યક્તિ જ્ઞાની આ કરવા યોગ્ય એવો વિવેક રહેતો નથી. મોહિત વ્યક્તિને જ્ઞાન નથી હોતુ એવુ નથી. જ્ઞાની મહાત્માઓ પણ મોહ પામ્યા છે. બ્રહ્માનંદસ્વામીએ કિર્તનમાં લખ્યુ છે.

યોગ કરંતે યોગી મોહે વન મેં મોહે તપ ધારી,
વેદ પંઢતે પંડિતી મોહે ભુલ ગયે શુદ્ધ સારી
અહો પ્રભુ અચરજ માયા તુ મારી

યોગીઓ, તપસ્વીઓ અને પંડિતો પણ મોહ પામ્યા છે, મોહ અને અજ્ઞાનમાં ભેદ છે. જ્ઞાન થતા અજ્ઞાન છુટી જાય છે, જ્યારે મોહ તો જ્ઞાનીને પણ થાય છે, મોહાવસ્થામાં ત્રણ ઘટનાઓ એક સાથે બને છે.

(૧) મનોમય ભૂમિકા પર સૂક્ષ્મ અને આંશિક બેભાનવસ્થા આવે છે.

(૨) વિવેક ઝાંખો પડી જાય છે, વ્યક્તિની સારાસારનો નિર્ણય કરવાની શક્તિ મંદ પડી જાય છે.

(૩) જ જ્યાં નથી ત્યાં તેનું દર્શન થાય છે,

(અનુ.પાન ૨૦ પર)

## આધ્યાત્મ મંથન – ૨૩

# "આંસુઓની ઓળખાણ !"

લેખક : સ્વામી શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી - કંડારી ગુરુકુલ
ગુરુવર્ય શાસ્ત્રીજી સ્વામી પૂ. ચેરમેનશ્રી - વડતાલ

'' અમે હસીએ છીએ પણ
આંસુઓ નથી રોકાઈ શકતાં,
તૂટેલું સાજ હો તો સૂર પરખાઈ નથી શકતા.''

જીવનમાં રડવાની રીત બધાની અલગ અલગ હોય છે. સૈફ પાલનપુરીનો આ સુભાષિતમાં કહેવાનો ભાવ એવો છે કે કેટલાક હસે છે પણ તે સાથે એમની આંખોમાંથી આંસુઓ વહે છે ! હસનારો પોતાની આંખોમાંનાં અશ્રુઓને અટકાવવા પ્રયાસ કરે પણ તેમાં તે સફળ થઈ શકતો નથી.

માની લો કે કોઈનો એકનો એક લાડકવાયો પુત્ર કોઈ કારણસર કોમામાં જતો રહ્યો હોય પછી આઠ દિવસે ભાનમાં આવે ત્યારે માતા-પિતાની આંખોમાં પ્રેમનાં આંસુઓ વહ્યા કરતાં હોય છે. તેઓ હસતાં હસતાં સંબંધીઓને ફોન કરીને પુત્રના આરોગ્યના સમાચાર આપતાં હોય છે. લોકો પુત્રની ખબર લેવા ઘેર આવે ત્યારે હસતાં હોય છે, પણ સાથોસાથ આંખોમાંથી આંસુઓ શરૂ હોય છે. મુખ હસતું અને આંખ રડતી-આ કેવી વિચિત્ર ઘટના ! તેઓ ઘણા પ્રયત્ન કરે તો પણ આંસુઓ રોકી શકતાં નથી. આ આંસુઓ પ્રેમનાં અતિરેકનાં હોય છે.

કેટલાક જીવનના તૂટેલાં વાજીંત્રને વગાડે છે તેમાંથી સૂર તો નીકળે છે, પણ તે સૂર સમજનારા ઘણા ઓછા હોય છે. અમુક ખાનદાન કુટુંબના વડિલ આર્થિક રીતે, માનસિક રીતે, કૌટુંબિક રીતે અને સામાજીક રીતે દુઃખના ડુંગરોથી કચડાતા હોય છે, છતાં પણ આબરુંને કારણે આંખમાં આંસુ લાવી શકતા નથી; કારણ કે તે એમ સમજતા હોય છે કે હું રડીશ, મારી આંખોમાં લોકો આંસુઓ જોઈ જશે તો મારી ખાનદાનીને ધક્કો લાગશે; એમ માની તે હૃદયથી રડી લેતા હોય છે અને આંસુઓને રોકી રાખતા હોય છે. કેવું આશ્ચર્ય કહેવાય ? એક પ્રેમના કારણે આંસુઓને રોકી શકતો નથી, જ્યારે બીજો લોકલાજને કારણે આંસુઓ પાડી શકતો નથી. એટલા માટે સૈફ લખે છે :

'ખુશબુમાં ખીલેલાં ફૂલ હતાં,
ઊર્મિમાં ડૂબેલા જામ હતા;
શું આંસુનો ભૂતકાળ હતો,
શું આંસુનાં પણ નામ હતા ?'

એક વસ્તુ યાદ રાખવી જોઈએ કે કોઈનાંય આંસુઓ કોઈ કારણ વિના, કોઈ વિચાર વિના કે કોઈ આશય વિના આંખોમાંથી નીકળતાં નથી. એમને એમ કોઈ આંસુઓનો વ્યય કરવા ઈચ્છતું નથી. આંસુઓનો ભૂતકાળ પણ હોય છે અને કેટલીકવાર તો આંસુઓ જેમના માટે પાડ્યા હોય એમનું નામ પણ આપી શકાય છે. પરંતુ આનો અર્થ એવો જ ન લઈ શકાય કે માણસની વાસ્તવિક જિંદગીનો ખ્યાલ કેવળ આંસુઓથી જ આવી જાય છે. મેં ઉપરોક્ત કહ્યું એમ પણ ઘણીવાર બની શકે છે અને સમાજમાં બનતું પણ હોય છે.

'દર્દની લાગણીના ઘણાં રૂપ છે,
માત્ર આંસુઓ જ હોવા જરૂરી નથી;
સ્મિત થઈને ફરકતા હશે હોઠ પર,
વ્યક્ત થઈ ના શકે એવા ગમ કેટલા ?'

કહેવાનો ભાવ એ છે કે માણસનું જીવન કેવળ આંસુઓ જોઈને માપી ન શકાય, એના સહવાસમાં રહેવાથી તેની ખબર પડતી હોય છે. કૃત્રિમ આંસુઓ કે કૃત્રિમ હાસ્યને આ પ્રસંગમાં કોઈ સ્થાન આપવાનું નથી, આ તો અનુભવેલી વાત છે!

'લોગ નાહક કીસી મજબૂર કો બૂરા કહતે હૈ,
આદમી અચ્છા હૈ લેકિન વક્ત
બૂરા હોતા હૈ; કિસે કહે કિસે કરે શિકાયત અપની,
યહાં જીનકો દેખો ઉનકા દામન ભીગા લગતા હૈ'

ઘણા માણસો નિર્ણય આપી દેવામાં ઉતાવળ કરતા હોય એવું લાગે છે. કોઈ વ્હાલી વ્યક્તિનું અચાનક મૃત્યુ થયું, ઘરનાં બધાં ખૂબ રોકકળ કરતાં હોય છે, પણ એક વ્યક્તિ રડતી ન હોય એને જોઈ ઘણા લોકો તુરંત વાતો કરશે, જોયું ? પરિવારનો માણસ ઓછો થયો તોય રડવું પણ આવતું નથી, કેવો નિષ્ઠુર છે ? અરે! ભાઈ ! નિર્ણય કેવળ આંખોનાં આંસુઓ જોઈને કરાતો નથી, હૃદયની વેદના જોઈને કરાય છે.

ઘરના આગેવાનને બીજાને આશ્વાસન આપવા આંખોનાં આંસુઓ રોકીને હૃદયથી રડી લેવું પડતું હોય છે. આગેવાન હિંમત ખોઈ બેસે તો ઘરના અન્ય સભ્યોની શું દશા થાય ? ૧૫ વર્ષ પહેલાં મેં નજરે જોયું હતું કે કલાલીના રાવજીદાદાના એકના એક પુત્રનો અક્ષરવાસ થયો ત્યારે અમારા ગુરૂશ્રી સાથે હું કલાલી ગયો હતો ત્યારે તેઓ રડતા ન હતા. તો શું તેઓને યુવાન પુત્રના અવસાનનું દુઃખ નહિ થયું હોય ? દુઃખ તો જરૂર થયું હોય, પરંતુ પરિવારના આગેવાન હોવાને કારણે આંખોમાંથી આંસુઓ પાડી શકતા ન હતા, પણ હૃદયથી રડતા હતા.

શ્રીહરિજી સ્વધામ પધાર્યા ત્યારે ઘણા સંતો અને ભક્તો ખૂબ રડતા હતા, ત્યારે ગોપાળાનંદ સ્વામીની આંખોમાં આંસુઓ ન હતાં. તેઓ બીજાઓને આશ્વાસન આપતા હતા, છાના રાખતા હતા, તો શું આપણે એવું માની લેવાનું કે, સ્વામીને દુઃખ થયું નહિ હોય; નહિતર રડે તો ખરાને ? પરંતુ એવું માનવું એ આપણી ભૂલ કહેવાય. ખરી રીતે તો સ્વામી ખૂબ જ રડતા હતા, પરંતુ આંખોમાંથી આંસુઓ પાડીને નહિ, પણ હૃદયથી રડતા હતા. માટે સારા-નરસા પ્રસંગોએ કેવળ આંખોનાં આંસુઓ જોઈને નિર્ણય ન કરવો જોઈએ. આટલો ભાવાર્થ આ પ્રસંગનો સમજવો.

"જીવન ચિત્રકલા જેવું છે"

સાહિત્યકાર પ્રકાશ ગજ્જર લખે છે કે, "૨૪ બાળકોએ એક સ્કુલમાં ચિત્રો દોર્યા હતાં. તેમાં અનેક ભાતના રંગો પૂર્યા તે જોઈને લોકો અને શિક્ષકો ખૂબ રાજી થયા અને ઈનામ આપ્યાં. પણ ત્રણ બાળકોએ આડા અવળા લીટા કર્યા. અમુક એમના એમ બેસી રહ્યા, કાગળ કોરા જ રાખ્યા. આ પ્રસંગનો સિદ્ધાંત એ છે કે, આ વિશ્વની ચિત્રશાળામાં પણ હાલત કંઈક આવી જ છે. પણ ફેર માત્ર એટલો જ છે કે, મોટા ભાગના લોકો માત્ર લપેડા જ કરે છે. કેટલાક તો જીવનના ચિત્રપટ રંગોને પીછીંઓનો ઉત્તમ ઉપયોગ કરીને સુંદર જીવન ચિત્રોનું નવું સર્જન કર્યે જ જાય છે.

યાદ રાખો. પ્રત્યેક માણસ એક ચિત્રકાર છે. કલાકાર છે. વિચાર, કર્મ અને કલ્પના એ એનાં સાધનો છે. એમના યોગ્ય ઉપયોગ દ્વારા સહુ કોઈ એક અનેરી કલા કૃતિની રચના કરી શકે છે. જીવનભર પોતાને વિષે નિરાશાવાદી વિચારો કરનારને તો એમ જ લાગે કે પોતે હવે આ વિચારોને નહિ બદલી શકે. પરંતુ આ ડર સાચો નથી. પોતાની વિચારણાને બદલવાનું શક્ય છે, પરંતુ માણસ આ નવો વિચાર સ્વીકારી શકતો નથી. એને થાય છે કે, પાકે ઘડે કાંઠા કેમ ચઢે ? એટલા બધા જૂના વિચારોને કેમ બદલી શકાય ? પરંતુ ખરેખર એવું હોતું નથી. વિચારો બદલી જ શકાય છે.

યાદ રાખો કે, અત્યારે જે રંગો પૂરી રહ્યા છીએ એ આવતી કાલે આપણા જીવનચિત્રનું અનિવાર્ય અંગ બની રહેવાનું છે. જો ખોટા રંગોનું મિશ્રણ હશે તો એ આપણને જ નુકશાન પહોંચાડશે. આપણા જીવનની આપણને ખબર છે કે ક્યા રંગો જરૂરી છે અને ક્યા નથી. પ્રત્યેક વિચાર કાર્યમાં રંગ પૂરે છે અને પ્રત્યેક કાર્ય જીવનને પોતાનો રંગ આપે છે, પસંદગી આપણે જ કરવાની છે.''

સ્વેટ માર્ડને લખ્યું છે કે, '' માણસ જો પૂરી ગંભીરતાથી પોતાનાં જીવનનું પરિવર્તન કરવાનો વિચાર કરે તો એને માટે કશું જ અશક્ય રહેતું નથી. કોઈ પણ ઉંમરે નવા જીવનમાં પગલાં ભરી શકાય છે.'' જીવનમાં ધનનું મૂલ્ય જરૂર છે, પરંતુ શાંતિનું મૂલ્ય તો એનાથી સો ગણું છે. આપણા ઘરને નવાં રંગરોગાન કરાવવામાં ખૂબ જ આનંદ આવે છે, પણ એથી હજારગણો આનંદ મનને નવા રંગે રંગવામાં છે, માટે જીવનરૂપ ચિત્રકળામાં ભક્તિ, ધર્મ, જ્ઞાન, પરોપકાર અને નમ્રતા વગેરે વિવિધ પ્રકારના રંગો પૂરી જીવન ચિત્રકળાને શોભાવી દઈએ.

''જીવન-મૌસમ''

સંસાર એટલે ગતિમાન અસ્તિત્વ. સતત પરિવર્તન એ સંસારની ખાસિયત છે તેથી જીવન સતત પરિવર્તનશીલ છે. જ્યાં સુધી સંસારનું અસ્તિત્વ છે ત્યાં સુધી જીવનમાં પરિવર્તન આવવાનું છે અને ત્યાં સુધી આપણે સુખ અને દુઃખનો અનુભવ કરવો જ પડે છે. ડાહ્યો માણસ સમજી જાય છે કે પરિવર્તન એ જીવનનું પાસું છે. આ સમજણ તેને ધીરજ આપશે. જે વ્યક્તિ કે જે વસ્તુ આપણા જીવનની નવેસરથી શરૂઆત કરાવે તે કલ્યાણ કહેવાય. 'કલ્યાણ હો' એ એક આશીર્વાદ કહેવાય છે અને કલ્યાણને મોક્ષ પણ કહેવાય છે.

મગનલાલ પંડ્યા લખે છે કે, ''જીવનના ક્ષેત્રમાં કર્મનાં બીજ વાવનારા આપણે એક ખેડૂત છીએ. આપણને ખબર હોવી જોઈએ કે આ ખેતી માટે કઈ મોસમ વધુમાં વધુ ઉપયોગી છે. આપણા જીવન ખેતરમાં ખરાબ વિચારો અને બૂરાં કાર્યોનાં જે જાળાં ને ઝાંખરાં છે એમને ઉખાડી નાખવા જોઈએ. આપણા જીવનની માટીના એક એક થરને આપણા પુરુષાર્થના હળથી અનેક વાર તળ-ઉપર કરીને વાવણીને માટે તૈયાર કરી લેવા જોઈએ. પછી વાવવાના યોગ્ય સમયે બીજ વાવી દેવાં જોઈએ. વાવણી, વાવણીના સમયે કરવી જોઈએ. જેઠ મહિનાનું બીજ ભાદરવામાં વાવ્યે શું પરિણામ આવે ? ચોમાસું પાક આપણને ઓછી મહેનતે મબલક કમાણી આપે તેમ છે.

આ દૃષ્ટાંતનો સિદ્ધાત એ છે કે, જીવનના પચ્ચીસમાં વર્ષે જે વાવવું જોઈએ તેને પંચોતેરમાં વર્ષે વાવવા બેસે તો શું પાકે ? આપણા જીવનમાં કતૃત્વનું પાણી અને ભાવની ભીનાશ છે ત્યાં સુધીમાં આપણે સદ્‌ગુણોનું વાવેતર કરી લેવું જોઈએ. આપણા અંતરની ધરતી સૂકી થઈ ગયા પછી વાવીશું તો કંઈ જ નહિ વળે, એમ છતાં યૌવનકાળમાં ચોમાસુ પાક લેવો ચૂકી જાય તોય પ્રૌઢ ઉંમર થયે શિયાળું પાક લેવો તો ન જ ભૂલવો જોઈએ. જો કે ચોમાસુ પાક જેટલો તો તે નહિ મળી શકે પરંતુ થોડોક તો લાભ થશે.

કારણ કે ગઢપણમાં શંકરાચાર્યે કહ્યું છે તેમ 'અંગં ગલિતં પલિતં મૂંડં દશન વિહિનં જાતં તુંડં' વૃદ્ધાવસ્થામાં ચિંતામગ્ન હોઈશું, તે સમયે તો શેકેલ પાપડ પણ માંડ માંડ ભાંગી શકવાના છીએ, તો પછી ભક્તિ કેવી રીતે કરી શકીશું ? માટે જ કહ્યું છે કે દેહરૂપી ધરતી સુકાઈ જઈને કઠોર બની જાય તે પહેલાં તારી ખેતી સંભાળી લે. અર્થાત્ ભક્તિ કરી લે.

ઘરડો એટલે ઘસાઈ ગયેલો. કોઈ વસ્તુ ઘસાઈ જાય એટલે પછી તે નકામી થઈ જાય છે. કોઈ કામમાં આવી શકતી નથી. એ જ રીતે કાયા પણ ઘરડી થઈ જાય એટલે તે નકામી થઈ જાય છે. દરેક ઈંદ્રિયોના

દેવતાઓ ઊઠી જાય છે, માટે જી-વન ને હવે વન (જંગલ) સમજી, જી—વન—પ્રસ્થ બની જવું જોઈએ.

કઠણ બની ગયેલ ધરતીને સત્સંગના ટ્રેક્ટરથી ખેડીને પોચી કરો. એમાં સ્મરણ અને સંતોનાં વચનોરૂપી જળથી સિંચાઈ કરો. સદ્‌ગુણોરૂપી બીજ રોપો, એટલે પછી ભગવાનનાં દર્શનરૂપી ફળ આવશે. ''સુબહકા ભૂલા શામ કો ઘર લૌટે તો વહ ભૂલા નહિ કહલાતા'' આપણે જીવનભર સત્સંગ કરીએ છીએ, સાંભળીએ છીએ, વાંચન કરીએ છીએ, વિચારીએ છીએ; આ બધું કરતાં કરતાં આપણી મનની ભૂમિમાંથી મોહ અને સંદેહનાં જાળાં ઝાંખરાં દૂર થઈ જાય છે.

આપણે સામાન્ય માણસમાંથી માનવ બનવાનું છે. તેમાંથી ગુડમેન (સજ્જન) અને ગુડમેનમાંથી પણ અંતે ગોડમેન (મુક્ત) બનવાનું છે. આટલી સ્થિતિએ ન પહોંચી શકાય તો ગુડમેન બનવાની તો પૂરી કોશીશ કરવી, પણ મેનમાંથી (માણસમાંથી)એનીમલ (પશુ)ન બની જવાય તેનો તો પૂરો ખ્યાલ રાખવો. ગ્રેડમાંથી ડિગ્રેડ ન થઈ જવાય તેનો ખ્યાલ રાખવો. માણસમાંથી પશુ-પક્ષીનો જન્મ ન મળવો જોઈએ એના માટે પાપકર્મથી દૂર રહેવું જોઈએ.

માણસે હંમેશાં પોતાની ક્રિયા પર નજર રાખવી જોઈએ. મારું કર્મ મને મુક્તિ અપાવનાર છે કે અધોગતિ તરફ લઈ જનાર છે ? સંસારમાં જીવતા દરેક લોકોનાં જીવન તપાસવામાં આવે તો જણાઈ આવે કે આ બધાને મનુષ્ય જન્મ મળતા તો મળી ગયો છે પણ બીજી વખત મનુષ્ય જન્મ મેળવી શકે તેવી લાયકાત આમાંથી કેટલાની? એમાં પણ મુક્ત બનવાની પાત્રતા કેટલામાં હોઈ શકે ? તે વિચાર માગી લે છે.

મોક્ષમાર્ગે નીકળેલામાં પણ ઘણા સંસ્થાઓમાં ચોંટી ગયા છે ! ઘણા ગુરૂઓ થઈને શિષ્યવર્ગમાં ઘુંચવાઈ ગયા છે ! ઘણા કીર્તિના કોટમાં પૂરાઈ ગયા છે, ઘણા અહંકારમાં અટવાઈ ગયા છે, ઘણા માનમાં મસ્ત બની ફર્યા કરે છે. ઘણા મહંત બની મોજ માણે છે ! ઘણા રાગમાં રંગાઈ ગયા છે, ઘણાઓ નિંદા કરવામાં નંદવાઈ ગયા છે, ઘણાઓ ઓહમ્-સોહમ્ બોલતા બોલતા પોતાને ભગવાન મનાવવા મંડી પડ્યા છે, ઘણાઓને પરચા પૂરીને પુરુષોત્તમ થવાનું તાન ચડ્યું છે.

આધ્યાત્મિક માર્ગમાં પણ આવાં અનેક દૂષણો ખદબદે છે, તે જોઈને ગીતામાં બોલેલ શ્રીકૃષ્ણ પ્રભુનું વચન યાદ આવી જાય છે : ''લાખો માણસો મને ભજે છે પરંતુ તેમાંથી તો મને કોઈક જ પામે છે.'' તો આવો આપણે સૌ સાથે મળીને શ્રીહરિજીને પ્રાર્થના કરીએ કે, ભૌતિક માર્ગમાં ભ્રષ્ટ થયેલાઓને આધ્યાત્મિક માર્ગમાં વાળો અને આધ્યાત્મિકમાર્ગમાં અટવાયેલા મહામાનવોને મુક્તિના માર્ગે આગળ ચાલવાની સમજણ આપો. સદ્‌બુદ્ધિ આપો.

'ખુશ્બુમાં ખીલેલાં ફૂલ હતાં,
ઊર્મિમાં ડૂબેલા જામ હતા;
શું આંસુનો ભૂતકાળ હતો,
શું આંસુનાં પણ નામ હતા ?'

એક વસ્તુ યાદ રાખવી જોઈએ કે કોઈનાંય આંસુઓ કોઈ કારણ વિના, કોઈ વિચાર વિના કે કોઈ આશય વિના આંખોમાંથી નીકળતાં નથી. એમને એમ કોઈ આંસુઓનો વ્યય કરવા ઈચ્છતું નથી. આંસુઓનો ભૂતકાળ પણ હોય છે અને કેટલીકવાર તો આંસુઓ જેમના માટે પાડ્યા હોય એમનું નામ પણ આપી શકાય છે. પરંતુ આનો અર્થ એવો જ ન લઈ શકાય કે માણસની વાસ્તવિક જિંદગીનો ખ્યાલ કેવળ આંસુઓથી જ આવી જાય છે. મેં ઉપરોક્ત કહ્યું એમ પણ ઘણીવાર બની શકે છે અને સમાજમાં બનતું પણ હોય છે.

(ક્રમશઃ)

# માંગરોળના મેઘજી સુખડિયા

લેખક : સાધુ બ્રહ્મપ્રકાશદાસજી સ્વામી - કુંડળધામ
ગુરુવર્ય પ.પૂ.સદ્ શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

## શ્રી હરિની ઓળખાણ...

સં.૧૮૫૮ કારતક સુદ-૧૧ના દિવસે ગુરુદેવ રામાનંદસ્વામીએ સહજાનંદ સ્વામીને પોતાની ગાદીએ બેસાડ્યા. સર્વત્ર શ્રીહરિનો જય જયકાર થયો. મોટા-મોટા દેવો, ઈશ્વરો તથા મુક્તોએ ચંદન પુષ્પથી સહજાનંદ સ્વામીને વધાવ્યા. ત્યારે અમુક ભક્તોનાં હૈયામાં સંશય થયો કે, ગુરુદેવ રામાનંદસ્વામીએ મોટા-મોટા સાધુને છોડી નાના નીલકંઠ બ્રહ્મચારીને કેમ ગાદી સોંપી ? ત્યારે અંતર્યામીપણે તેમના અંતરની વાત જાણી શંકાનું સમાધાન કરવા ગુરુદેવ રામાનંદસ્વામીએ કહ્યું, આ સહજાનંદ સ્વામીને કોઈ નાના સમજશો નહિ. આ તો સર્વોપરી સર્વ અવતારના અવતારી પુરૂષોત્તમ નારાયણ છે. મોટા મોટા રામ-કૃષ્ણાદિક અવતારો, વાસુદેવ અને અક્ષરાદિક સર્વને માનવા યોગ્ય, પૂજવા યોગ્ય, ભજવા યોગ્ય અને પામવા યોગ્ય છે. સર્વે સદ્‌ગુણોના સાગર એવા આ સહજાનંદ સ્વામી સર્વને ઉપાસના કરવા યોગ્ય છે. રાજાધિરાજ છે. સર્વે કારણનું આ કારણ છે. તેમના મહિમા અને ગુણોને કહેવા કે જાણવા અક્ષરપર્યંત કોઈ સમર્થ નથી. આ તો કરોડો જીવોના કલ્યાણ કરવા માટે અક્ષરધામમાંથી પુરૂષોત્તમનારાયણ સાક્ષાત પધાર્યા છે. માટે પૂર્વે જે અવતાર થયા તેમણે જીવોના જીવા કલ્યાણ કર્યા છે તેવા કલ્યાણ તો આ સહજાનંદસ્વામી પોતાના ભક્ત દ્વારા સહેજે કરશે. તેમનો જેમ છે તેમ પ્રતાપ, ઐશ્વર્ય અને સમર્થ્ય તો તમને આગળ જણાશે. માટે તમો સહુ આ નીકલંઠને માનજો, પૂજજો, ભજજો, સેવજો અને એમની આજ્ઞામાં રહેજ્યો. (ગુ.સ્વા.૪૧૨ તથા ગો.સ્વા.૨૮) આમ અંતિમ ભલામણ કરી ગુરુદેવ રામાનંદસ્વામી ધામમાં પધાર્યા.

ત્યારબાદ અનેક જીવનો ઉદ્ધાર કરતા અને સત્સંગમાં વિચરતા સ્વામિનારાયણ ભગવાન માંગરોળ પધાર્યા. જનહિત માટે ગામના પાદરમાં આવેલી વાવને ખોદાવી. મીઠું પાણી આવ્યું તે નિમિત્તે મોટો ઉત્સવ કર્યો. ઉત્સવમાં આવેલા બ્રાહ્મણોને શ્રી હરિએ મહાતેજોમય ચતુર્ભુજ વિષ્ણુરૂપે દર્શન આપ્યા. તેથી અનેક ભક્તોને સ્વામિનારાયણ ભગવાન જ છે, એવો દૃઢ નિશ્ચય થયો. સર્વત્ર સ્વામિનારાયણ ભગવાનનો જય જયકાર થવા લાગ્યો.

## મેઘજીનો અહંકાર...

અહંકારી માણસની કોઈની ઉન્નતિ જોઈ ન શકે. આવું જ બન્યું માંગરોળમાં. રામાનંદસ્વામીનો જૂનો શિષ્ય મેઘજી સુખડિયો ત્યાં રહેતો. તેમણે ગુરુદેવ રામાનંદસ્વામીની પ્રીતથી સેવા કરી ખૂબ રાજી કર્યા હતા. ગુરુકૃપાથી સમાધિમાં તે સ્વતંત્રપણું પામેલ. દેહત્યાગ કરવો, સ્વતંત્ર રીધે ધામમાં જવું, ત્યાંથી પાછા આવવું, આવી સિદ્ધિઓ તેમની પાસે હતી. પરંતુ કુપાત્રને મળેલું કે સામર્થ્ય એનું અહંપોષક બની રહે છે. મેઘજી વણિકને તેની સિદ્ધિનો ગર્વ આવ્યો. રામાનંદસ્વામી તીરોધાન થયા પછી મેઘજી સૌને કહેવા લાગ્યો : 'રામાનંદસ્વામીના સર્વ

શિષ્યોમાં હું જ શ્રેષ્ઠ છું. રામાનંદસ્વામીએ મને જ સૌથી અધિક દૈવત આપ્યું છે.' આમ મદાંધ બની અતિ દયાળુ એવા મુક્તાનંદ સ્વામી વિગેરે સંતોનું પણ ઘસાતું બોલવા લાગ્યો.

એક દિવસ સંતોનું અતિશય ઘસાતું બોલતો જોઈ શ્રીહરીથી સહન ન થયું. ભગવાને તેને પાસે બોલાવ્યો ને કહ્યું, 'હે મેઘજીભાઈ ! આ તમામ સંતો મોટા મોટા દેવોને પણ વંદન કરવા યોગ્ય છે. આવા સંતની કૃપાથી દેવો દૈવત અને ઈશ્વરો ઈશ્વરપદને પામ્યા છે. માટે તમો એનું અપમાન ન કરો.' ત્રે સિદ્ધપણાના અભિમાનનમાં અંધ બનેલો મેઘજી કહે, 'હે નિલકંઠ ! હું જૂનો છું. તમે તો આજકાલના આવેલા છો, ગુરુને ભોળવીને ગાદીએ બસી ગયા છો. તમે મને કહેનાર કોણ ?? દંભ કરી ભોળા સાધુને તમેજ ભોળવી દીધા છે.'

મુક્તાનંદસ્વામી કહે, હે મેઘજી ! ગુરુદેવે આ સહજાનંદસ્વામીને ગાદી સોંપી છે. જો તમે તેનાથી મોટા હો તો તમને કેમ એ પદ ઉપર સ્થાપન ન કર્યા ? માટે તમે તમારી સિદ્ધિઓનો ગર્વ છોડી માનનો ત્યાગ કરી તમારા કલ્યાણ માટે સર્વના કારણ એવા આ શ્રીહરિનો આશ્રય કરો.

સ્વામીશ્રીનું હિત વચન સાંભળીને મેઘજી બેફામ બોલવા લાગ્યો. અહંકાર વ્યક્તિમાં આવે ત્યારે તેને ભગવાન જેવા સંતની વાત પણ મનાતી નથી. અહં ચાર પ્રકારના છે : તામસ અહંકાર, રાજસ અહંકાર, સાત્ત્વિક અહંકાર અને સિદ્ધપણાનો અહંકાર. રાવણાદિકનો અહંકાર એ તમોગુણી અહંકાર છે. અધિક સત્તા-સંપત્તિ કે હોદ્દાને લઈને બીજાનું અપમાન કરાય તે રાજસ અહંકાર છે. પોતે શુદ્ધ અને સદ્‌ગુણી હોય પરંતુ ક્યારેક ઝાઝા જીવના હિત માટે તેમાં કાંઈ બાંધ-છોડ કરવી જરૂરી હોય પણ ભીષ્મપિતા કે ગાંધીજીની જેમ પોતાનો દુરાગ્રહ છોડી ન શકે; તે સાત્ત્વિક અહં છે. શ્રીહરિ કે ગુરુસંતની કૃપાથી સિદ્ધિ પ્રાપ્ત થાય અને તેને કારણે મેઘજીની જેમ સંતો-ભક્તો ગૌણ પડે એ સિદ્ધાભિમાન છે. દરેક પ્રકારનો અહંકાર પતનનું કારણ છે. અહંકારીથી અવિનાશી આઘા રહે છે. સહંકારી વ્યક્તિ ક્યારેય સત્યનો સ્વીકાર કરી શકતો નથી કે, સત્યને જોઈ શકતો નથી. તેથી શ્રીહરિએ વચનામૃતમાં કહ્યું છે કે, 'અમને ભક્તિનો, ત્યાગનો, વૈરાગ્યનો, સમજણનો કે વર્તમાન પાળ્યાનો ઈત્યાદિક કોઈ પ્રકારનો અહંકાર ગમતો નથી. કેમ જે, અહંકાર તો દેહાત્મબુદ્ધિને જ દૃઢ કરાવે છે. અહંકારી માણસને કોઈનું મનાતું નથી. તેણે કરીને મોટાનો અપરાધ થાય છે.' નિષ્કુળાનંદ સ્વામી કહે છે,

માને કરી મોટા તણો, અપરાધ તે આવે બની ।
તે કથા સુણી છે શ્રવણે, ચિત્રકેતુ સુરેશ ને શિવની ॥
માની કેનું માને નહિ, મર હોયે વાલપ્યના વેણ ।
આપ ડહાપણમાં દેખે નહિ, રહે અંધધંધ દિનરેણ ॥

રાવણ, વૃત્રાસુર, કંસ આદિક મોટા મોટા અસુરો પણ પૂર્વે મહાન ભક્ત જ હતા. પરંતુ જપ, તપ, વ્રત, આદિક સાધને કરીને પોતામાં શ્રેષ્ઠપણું માન્યું અને ભગવાનના ભક્તનો દ્રોહ કર્યો તેણે કરીને અસુર થયા છે. ગમે એટલું વ્રત, જપ, તપ, દાન, યજ્ઞ, આદિ સત્કર્મ કરતો હોય કે ગમે તેવી મોટી પદવીને પામ્યો હય પણ ભગવાનના ભક્તને પોતા થકી ગૌણ માને તેનું બધું જ નાશ પામે છે. બ્રહ્માનંદસ્વામી કહે છે કે,

શ્રી ઘનશ્યામ કહે સુન નારદ, અંતર શુદ્ધ,
મેરો મન ઐહે,
મોસંગ ખાર, ઉદાર સદા મન,
નામ ઉચ્ચાર, અહોનિશ લૈહે,
સંત સાચે જગમાંહી ફીરે,
તિનકું દુઃખ આપ નિરંતર દૈહે,
બ્રહ્મમુનિ ભગવંત કહે,
સોય મોય ભજન પુનિ નર્કમે જૈહે.

માટે અન્યને પાછા પાડવાને પંથે ચાલવું જ નહિ. મેઘજીના ઉરમાં ગર્વ આવ્યો તેથી જ શ્રીહરિને કહે, હું રામાનંદસ્વામીનો જૂનો શિષ્ય છું, સમાધિનિષ્ઠ છું, સ્વતંત્ર છું માટે તમે મને કોણ કહેનારા ? આજથી ચોથા દિવસે હું સ્વતંત્રપણે ધામમાં જઈશ ! ! !... ત્યારે શ્રીહરિએ કહ્યું, 'જો તું ધામમાં જા તો હું તારો શિષ્ય થાવ પણ જો તું ધામમાં જાતો હો અને ત્રિશંકુ રાજાની જેમ હું તને અધવચ્ચે લટકાવી રાખું તો તારે મારા શિષ્ય થવાનું. માટે સાચુ કહું છું હજી સમજી જા તો સારુ.' છતાં મેઘજી માન્યો નહિ, ગર્વ ભર્યો ઘેર ગયો. પછી ચાર દિવસ સુધી માંગરોળમાં ચાંડાળ સુધા સર્વને જમાડ્યા. પરંતુ વટને કારણે જેના દર્શને કોટિ યજ્ઞનું ફળ થાય, અનંત જન્મના પાપ જાય એવા શ્રીહરિ અને તેમના સંતોને કાંઈ જમાડ્યું નહિ. આનું નામ અહંકાર.

### અહં છોડો, મન હરિમાં જોડો...

આસુરીપણું જીવમાં પ્રવેશે એટલે તેમાં ત્રણ વાત આવે. (૧) અન્યાય (૨) અભિમાન (૩) રાગદ્વેષ કરી બીજાને પીડા કરવી.

આસુરી અહંપ્રધાન હો, દૈવી ભગવાન અને ભગવાનના સંતો ભક્તો પ્રધાન હોય. આસુરીમાં વક્રતા હોય, દૈવીમાં નમ્રતા હોય. વક્રતા સહુ સાથે વેર કરાવે છે, જ્યારે નમ્રતાથી સૌ વશ થાય છે. માટે આપણામાં ભગવાન જેવા ગુણો આવે, ભગવાન જેવું બળ આવે, ભગવાન જેવી સિદ્ધિ આવે છતાંય એનું બળ ન રાખવું. વ્યક્તિને તો પોતાની બુદ્ધિનું, આવડતનું, કળાનું કે ગુણનું બળ હોય છે, પૈસાનું બળ હોય છે, સત્તા, સંપત્તિ કે સંબંધિનું બળ હોય છે., એથી આગળ વધે તો આત્મબળ હોય છે. પણ ભગવાન કે ભગવાનના સંતના બળ આગળ આ તમામ બળ મળ જેવા છે. ઈતર કોઈ બળ કાળથી ન બચાવી શકે. માટે ભગવાનને ભગવાનના સંતને બળે રહે તે જ મહાન છે. બાકીની કોઈ પણ બાબતનું અભિમાન રાખવું નહીં. કોઈએ કહ્યું છે --

મદ ના કર મનમેં મિથ્યા
ધનમેં જોર બદનમેં જોબનમે
સુખ ના સપનમે,
જીવન જનમેં ચપલા ધનમે છનછનમે,
તજવૈર વતનમેં, દ્વેષ ધરનમેં,
નાહક ઈનમેં તરસાના,
ચિત્ત ચેત સિહાના,
ફીર નહી આના, જગમેં આખીર મરજાના.

જાંઝલીઋષિએ ૬૦ હજાર વર્ષ સુધી તપ કર્યું. પછી મન સરખા વેગથી જળમાં, આકાશમાં કે પૃથ્વીમાં ગતિ કરે તેવા સમર્થ થયા. તેનો ગર્વ આવ્યો. તેથી ભગવાનના સંતો-ભક્તોને પણ ગૌણ માનવા લાગ્યા. અને તેનો અનાદર શરૂ કર્યો. તેથી તમામ સામર્થ્ય હણાઈ ગયું અને એકવાર જંગલમાં બાવળના ઠુંઠાની જેમ ઊભા રહી ગયા. પછી આકાશવાણી થઈ કે હવે તારે કલ્યાણ જોતું હોય તો કાશીમાં તુલાધાર નામનો વણકર (મોચી) છે તેની પાસે જા. પછી ત્યાં ગયા. તુલાધાર પાસે એટલા બધા ઘરાક આવે કે તોળવામાં નવરા જ ન રહે તે જોઈ જાંઝલી ઋષિને સંશય થયો જે, 'આમાં શું જ્ઞાન હશે ?' એટલે તેના અંતરની વાતને જાણી તુલાધારે કહ્યું, 'હે ! મુનિવર ! એવા ઘાટ ન કરો. આમાં મારું કાંઈ નથી, સર્વે પ્રભુનું છે. મારો અને તમારો આત્મા પણ પ્રભુનો છે. આમાંથી જે મળે તે પ્રભુના સંતો-ભક્તોની પ્રસન્નતા અર્થે વાપરુ છું, એ જ મારી ભક્તિ છે. અભિમાનથી દાન, પુણ્ય, તપ, જપ વિગેરે નાશ થાય છે અને ભક્તોની ભક્તિ કરવાથી ભગવાન વશ થાય છે. માટે સાચી ભક્તિ શીખો.' ત્યારે જાંઝલી ઋષિને સત્ય સમજાયું.

### મેઘજીનું પતન...

મેઘજી વાણિયાએ ભગવાનનું ન માન્યું અને ભિમાન કર્યું, પોતની મેળે, ચોથા દિવસે ચોથા

મુહુર્તમાં પદ્માસનવાળી યોગીની જેમ દેહ ત્યાગ કરવા ગયો અને પોતાના પ્રાણને ખેંચી સ્વાધિષ્ઠાન ચક્રથી બ્રહ્મરંધ્રમાં લઈ ગયો, ત્યાં સર્વાવતારી શ્રીહરિની શક્તિએ તેની ગતિને રોકી લીધી. એટલે તે બ્રહ્મરંધ્ર ભેદી ન શક્યો. બીજાના પ્રાણને લઈ જવા મુકવામાં સમર્થ એવો મેઘજી આજ સંતો ભક્તોના અપરાધના કારણે પોતાના પ્રાણને ઊંચો લઈ જવા સમર્થ ન થયો. તેથી અતિશય બળ કર્યું. તો તેનું શરીર ઊંચે ચડ્યું અને બજારમાં અધવચ્ચે પડ્યું, ત્રિશંકુ રાજાના જેવી ગતિ થઈ. ચાર-ચાર દિવસ સુધી અતિશય દુઃખી થયો પછી એની અહંની ગાંઠ ઓગળી છેવટે શ્રીહરિને પ્રાર્થના કરી. અતિ દયાળુ એવા શ્રીહરિએ તેને પુનઃ શરીરમાં સ્થિર સ્થાપ્યો. પછી કહ્યું, 'મેઘજી આપણે હમણે કાંઈ ધામમાં જવું નથી. સરળ બની સંતો-ભક્તોની સેવા કરો. બીજાને તમારાથી મોટા માનો. સત્સંગમાં સૌના દાસના દાસ બની રહો.'

સરળ વર્તવે સારું રે, મનવા સરળ વર્તવે સારું રે,
હાજી હાજી કરી હાથ જોડતા, કેદી બગડે નહીં તારું રે,
મનવા...

હવે અતિ નમ્ર બની બે હાથ જોડી મેઘજી કહે, 'હે મહારાજ ! હું ભૂલ્યો, અભિમાનમાં અંધ બની તમારા સંતો-ભક્તોનો અપરાધ કર્યો. તમારો દ્રોહ કર્યો. તમો મારા ગુરુસ્થાને છો. ગુરુદ્રોહની શું દશા થાય, તેનું પ્રાયશ્ચિત શું ?' ત્યારે શ્રીહરિ કહે, 'ગુરુને મન, કર્મ, વચને રાજી કરવા એ જ એનું પ્રાયશ્ચિત છે. હરિ રૂઠે તો ગુરુ ઠરવાનું ઠેકાણું છે પણ ગુરુ રૂઠે તો હરિ પણ માફ ન કરી શકે. તે તો તેને શરણે જાય તો જ ઉદ્ધાર થાય, નહિ તો અયોધ્યાના રાજા ત્રિશંકુ જેવી દુર્દશા થાય.'

## ત્રિશંકુની દુર્દશા...

સૂર્યવંશી રાજાઓમાં ત્રિશંકુ અયોધ્યાનો મહાન રાજા થયો. તે અભિમાની હતો. સાત્ત્વિક અહંને કારણે તેણે ગુરુ વસિષ્ઠને કહ્યું, 'મને યજ્ઞ કરાવો'. ગુરુએ કહ્યું થોડા સમય પછી શુભકાળમાં કરીશું. પોતાનું ધાર્યું ન થયું એટલે અહમ્‌ને કારણે વસિષ્ઠ મુનિનું અપમાન કર્યું. જેમ-તેમ તેનું વાંકુ બોલવા લાગ્યો. ગુરુએ તો સહન કર્યું પરંતુ તે અપમાન તેમના શિષ્યોથી સહન ન થયું, તેથી એને શ્રાપ આપ્યો. હે ગુરુદ્રોહી ! ચાંડાળની જેમ બોલનાર તું ચાંડાળ થા. તેથી ત્રિશંકુ એ જ દેહે ક્ષત્રિય મટી ચાંડાળ જેવો થયો. પછી પ્રજાએ ધિક્કાર્યો. એટલે વનમાં ગયો. ત્યાં ફરતા ફરતા વિશ્વામિત્રને મળ્યો.તેને વાત કરી વિશ્વામિત્રને વસિષ્ઠ મુનિ સાથે ઈર્ષ્યા હતી એટલે દુશ્મનનો દુશ્મન મિત્ર એ ન્યાયે પોતાના તપના પ્રભાવથી ચાંડાળના દેહે ફરતા ત્રિશંકુને રથ સહિત સ્વર્ગમાં પહોંચાડવા આકાશમાં મોકલ્યો. ત્રિશંકુ સ્વર્ગની સમીપે ગયો ત્યાં દેવોએ દેખ્યો એટલે દેવો કહે, 'હેઠો પડ... હેઠો પડ...' એટલે તરત જ તેનો રથ નીચે આવવા લાગ્યો. જ્યારે સ્વર્ગમાંથી નીચે પડતા રથ ઘોડા સહિતે ઊંધા માથે થયો તે વિશ્વામિત્રે જોયું એટલે તપના પ્રભાવથી તે કહે, સ્થિરો ભવ... સ્થિરો ભવ... હેઠો આવીશમાં, ત્યાં જ રહે. એટલે ત્રિશંકુ ઊંધે માતે લટક્યો. ન ઊંચે જઈ રહ્યો, ન નીચે આવી શક્યો. તેના મુખમાંથી લાળો નીકળવા લાગી તે જે નદીમાં પડી તેનું નામ કર્મનાશ નદી પડ્યું. તેમાં જે સ્નાન કરે તેના તમામ પૂણ્યકર્મો નાશ પામે. આમ ગુરુદ્રોહના પાપથી અસંખ્ય જીવો યમપુરીમાં જાય છે. માટે સુખી થાવું હોય તેને ક્યારેય ગુરુ, સંત કે ભગવાનના દ્રોહી બનવું નહિ. ગુરુનું કે સંતનું અપમાન કરનાર કે નિંદા કરનારના તમામ પુણ્ય બળી જાય છે. અને અંતે ત્રિશંકુની જેમ દુર્ગતીને પામે છે. આવી શ્રીહરિની વાત સાંભળી મેઘજી રાજી થયો. શ્રીહરિને દંડવત પ્રણામ કરી માફી માંગી. પછી પ્રભુને શરણે થઈ પ્રાર્થના કરવા લાગ્યો.

(ક્રમશઃ)

# શ્રી મીર સફરાઅલી વડોદરા

લેખક : સ્વામી શ્રી સંતવલ્લભદાસજી - કંડારી ગુરુકુલ, M.A.Phd.
ગુરુવર્ય શાસ્ત્રીજી સ્વામી પૂ. ચેરમેનશ્રી - વડતાલ

મહારાજા સયાજીરાવના મુખ્ય સેના નાયક, શ્રીમીર સફરાઅલી. પાણી માંગે તો દૂધ મળે અને દૂધ માંગે તો ઘી, આ લોકના વૈભવો તેના પગમાં રમતા. વિશાળ મહેલ. વિશાલ પરિવાર, વિશાળ સેવકગણ, બધું જ વિશાળ પણ નસીબ સાંકડું. સત્તા અને પદાર્થ અણ માંગ્યા મળ્યા પણ ભોગવવાની ક્ષમતા ન મળી. હાય રે ખુદા, યે કૈસા કરિશ્મા હૈ તેરા, જહાં ભોજન નહીં હૈ વહાં ભુખ હૈ, ઓર જહાં ભોજન હૈ વહા ભૂખ નહિ હૈ, દેખ, બેહાલ મેરા.

મીર સાહેબને રાજા જેવી જિંદગી જીવવાનો ભાર લાગવા લાગ્યો. તેમને દિન-પ્રતિદિન શિરોવેદના વધતી જતી. નિદ્રા આવે નહી, ભોજન ભાવે નહિ, ક્યાંય ગમે નહિ, આખો દિવસ મહેલમાં કંટાળી જાય, બહાર જવાનું, કામ કાજ કરવાનું મન ન થાય. રાજવૈદ્યો હારી ગયા પણ માથાનો દુ:ખાવો ન ગયો. દવાથી થાકીને દુવાઓથી ઈલાજ કરવાનું વિચાર્યુ. પ્રસિદ્ધ ફકીરોના કદમ ચૂમ્યાં. પીર-પેગંબરોની દુઆ રાખી. પણ દરદ કઈક નવી ભાતનું નિકળ્યું. ભડવીર મીર સાહેબ અંતરથી અંદરથી નિરાશ થઈ ગયા. ઘણી વાર તો પથ્થર સાથે માથું પછાડવાનું મન થાય. પરિવારની વચ્ચે પણ વનવાસ જેવું એકલપણું સાલે છે. સહવાસમાં પણ મૌન બોલે છે. સુખના જળમાં તરતા કોરાકટ હોવાના અહેસાશ સાથે વિક્ષિપ્ત રહેવા લાગ્યા. પરિવારને હવે ડર લાગવા લાગ્યો કે, અમારા માલિક આમને આમ ગાંડા થઈ જશે. સૌ કોઈ પરવર દિગારને પ્રાર્થના કરવા લાગ્યા. રહેમ કરો. રહેમ કરો. ખુદા રહેમ કરો.

એક બિરાદરે દર્દ નાબુદીનો ઈલાજ બતાવ્યો. જૂનાગઢના પ્રસિધ્ધ દાતાર પીરની માનતા રાખો, ત્યાં ફકીરોની સાધનાનું તેજ ફેલાયેલું છે. આપ ત્યાં નિવાસ કરો. કુરાને શરીફના વિધાન પ્રમાણે આપને ત્યાં ચોક્કસ શાંતિ થશે. નિદ્રા આવશે. ભોજન ભાવશે. માથનો દુ:ખાવો જાશે.

'હાર્યો જુગારી બમણું રમે' તેમ જે કોઈ નવો ઉપાય જાણવા મળે તેનો અખતરો કરવા મીર સાહેબ તૈયાર રહેતા. જૂનાગઢના દાતારની માનતા રાખી. યાત્રાએ ગયા. ત્યાં થોડો સમય રહ્યા. ફકીરોની કદમપોશ શાર્ગીદ કરી પણ કંઈ ફેર પડ્યો નહિ. વીર મીર સાહેબ હવે મોતની રાહ જોવા લાગ્યા. નિરાશ થઈને પાછા ફર્યા. જૂનાગઢથી વડોદરા તરફ ચાલ્યા જાય છે, એવામાં ગઢડા આવ્યું.

ગઢડાની સીમમાં પહોંચ્યા ત્યારે મધ્યાહ્નની નમાજ પઢવાનો સમય થયો. તેમની નજર રસ્તા પાસેની વાવ પર પડી. ત્યાં રસાલો ઉભો રાખ્યો. પાક થઈને બંદગી પોકારી. જીંદગીમાં બંદગી સિવાય હવે કોઈ સાર હતો નહિ. તેણે આર્ત હૃદયે આરજુ પોકારી. જે દંડ દેવો હોય તે કયામતના દિવસે દેજે, પણ આજ આ દુ:ખથી છોડાવો. હે ખુદા, મને માથનો દુ:ખાવો મોત કરતાં વધું પરેશાન કરે છે. તમે મોત આપશો, તો પણ હું સ્વીકારીશ પણ આ દર્દ હવે હદ વટાવતું જાય છે. કસોટી તો દરેકના જીવનમાં આવે છે પણ મને તો હર શ્વાસ કસોટી લાગે છે. એ શ્વાસથી હવે હું નિરાશ

થયો છું છતાં વિશ્વાસ કરું છું, તું મને તારી દઈશ. ખુદા - તું પૃથ્વી પર નથી આવતો, પણ મને જ ત્યાં જન્નતમાં બોલાવી લે ને ? આમ કુદરત પાસે કાકલૂદી કરી આંખમાં ટાઢક લાગી. ઘણા દિવસે આજ ઊંઘ આવતી હોય તેવું લાગ્યું. થોડી વાર ત્યાં લંબાવી દીધી.

જાણે કુંભકરણ ઊંઘતો હોય તેવી ઘાટી ઊંઘ લીધી. હૃદયમાં ટાઢી હિમ જેવી અનુભૂતિ થવા લાગી. દુઆ લાગી. યા ખુદા...યા પરવરદિગાર. કરતા ઉભા થયા. ત્યાં અંતરના ઓરડેથી અવાજ આવ્યો. આ ભૂમિમાં કોઈ મહાન પાકપુરુષ હોવા જોઈએ. કુરાનના વિધાન પ્રમાણે જ્યાં પીડા નાશ થાય. શાંતિ થાય ત્યાં જરૂર મહાન ફકીરનો નિવાસ હોય. શું અહીં કોઈ એવા મહાન ફકીર હશે ? એમ વિચાર કરે છે ત્યાં તો સામેથી એક અલમસ્ત ઓલિયા પુરુષ હળ લઈને આવતા દેખાયા. કપડાં ફકીરના અને કામ ખેતરનું. ‘‘ક્યાં ફકીર કો ભી ફિકર હોને લગી હે ? સંત નજીક આવ્યા. મીરનું મન તેમાં ખેંચાયું, તેનું દર્શન આનંદદાયી હતું. મુખ પર ખુદાઈ નુર ઝળહળતું હતું. મીરે ધીરે રહીને પૂછ્યું. ક્યાં યહાં કોઈ ફકીર રહતા હૈ ? સચ્ચિદાનંદ સ્વામીએ કહ્યું. ફકીર ભી ઓર ફકીરકા ખુદા ભી.

આટલું કહીને સ્વામીએ મીર સામે મીટ માંડીને જોયું. એમની દ્રષ્ટિએ હિમગીરિ પરથી ફૂટતી ગંગોત્રીનું સ્વરૂપ ધારણ કર્યું. મીર સાહેબ એમાં તણાયા. તણાતા તણાતા કોઈ દિવ્ય ભૂમિ પર સ્થિર થયા. આસપાસનું દ્રશ્ય સુગંધી પવનની લહેરો. સાથે ભક્તિ રસતરબતર હતું જે ક્ષણની પ્રતિક્ષામાં મીર સાહેબે જમાનો વીતાવ્યો હતો, તે અનાયાસ આવી મળી. બંદગી ફળી કે નવી જીંદગી મળી ? શું થયું ખુદા જાણે પણ હવે માળામાંથી ઉડવા થનગનતા પંખીને ફરી માળો ગમવા લાગ્યો. માળો જ નહિ, સંસારવૃક્ષ પણ રમણીય લાગ્યું. ઈશ્વરની એક કૃપાદ્રષ્ટિ જીવનની દ્રષ્ટિ બદલી નાંખે છે, એ આનું નામ.

સચ્ચિદાનંદ સ્વામીએ કહ્યું; આ ગઢડા છે. અહીં સાક્ષાત્ ભગવાન સ્વામિનારાયણ રહે છે. આ તેમની જ ભૂમિ છે. અરે આ વાવ અને આ જમીન પણ તેમનાં જ છે. મીર સાહેબે વિચાર્યું. આપણા શાસ્ત્રો તો કહે છે કે ખુદા ખુદ ક્યારેય આ પૃથ્વી પર આવતા નથી, પેગંબરો આવે છે. પણ કફીરના કહ્યા પ્રમાણે તેઓ જો ખુદા હોય તો હું જ્યારે ત્યાં પહોંચીશ ત્યારે....

૧. કામળાના આસન પર, પૂર્વદિશા તરફ મુખ રાખીને ઉઘાડા માથે બેઠા હોય.

૨. મારું નામ લઈને મને બોલાવે.

૩. તેમની બેઠક નજીક જ ઘણાં રીંગણાં પડ્યા હોય.

૪. દહીં ભરેલો વાટકો મને આપે.

૫. મારા મનના તમામ સંશયો દૂર કરે.

તો હું તેમને ભગવાન માનું. આટલા પ્રશ્નોનું પેપર આજે મહારાજ સમક્ષ આવ્યું. મીરના પાંચ પ્રશ્નોના ઉત્તર મળે તો ભગવાન ,નહિ તો....

ભગવાન અંતર્યામી છે. મીર સાહેબના મનના વિચારો જાણી ગયા. પોતે ભગવાન છે તેવું બતાવવા નહિ, પણ એક જીવને પોતાનું જ્ઞાન આપવા તત્પર થયા. સંતો નેસડે નેસડે ગામડે ગામડે ફરીને જીવને પ્રગટ સ્વરૂપનું જ્ઞાન આપતા હોય તો ભગવાન સામે ચાલીને આવેલા જીવને કેમ પાછો જવા દે ! શ્રીજી મહારાજ આજ દાદાખાચરના દરબારગઢમાં બિરાજમાન છે. પરમહંસો સંકીર્તનના સૂર રેલાવી રહ્યા છે. ભક્તો નિજનેત્ર ચકોર ચંદ્રને જોઈ રહ્યા છે. એવામાં કાળા ઘોડા પર સેનાનાયક પધાર્યા. સાથે બે ચાર સૈનિકો પણ ખરા.

અશ્વ પરથી ઉતરીને જ્યાં શ્રીહરિને વંદન

કરવા ગયા ત્યાં તો આવો મીર સાહેબ નો અવાજ સંભળાયો. વંદન કરતા શ્રીહરિના આસન પર નજર કરી. શ્યામ કંબલ પર બિરાજમાન છે, પૂર્વ દિશા તરફ મુખ મસ્તક ઉઘાડું છે. ઓ આ સ્વયં ખુદા જ છે. સહજતાથી સભા સામું જોવા ગયા ત્યાં તો બેઠક નજીક રીંગણાંનો ઢગલો પડેલો. રીંગણાં જ નહિ દહીંનો વાટકો પણ હતો, શ્રીહરિએ પ્રસાદીરૂપે મીર સાહેબને આપ્યો. શંકાશૂળ નિર્મૂળ થયું. સ્વામિનારાયણ સ્વયં ખુદા જ છે એવું ન માનવા છતાં હા પાડ્યા વિના છૂટકો ન હતો. તેના મનના તમામ કોડ પુરા થઈ ગયેલાં છતાં એક સંશય હતો. જો ખુદા આ પૃથ્વી પર આવે જ છે તો કુરાનમાં ના કેમ કહી છે ?

ભગવાન શ્રીહરિએ તેનો સંશય ટાળતા કહ્યું. ખુદા ક્યારેય પૃથ્વી પર નથી આવતા. એ વાત સાચી છે. પણ સમજણ વિના તેનો અન્યાર્થ થાય છે. ખુદા જેવા ધામમાં છે તેવા રૂપે પૃથ્વી પર નથી આવતા અને આવે જ છે તો ફકીરના રૂપમાં અર્થાત્. મનુષ્યના રૂપમાં જ આવે છે, જો જેવા ધામમાં હોય છે તેવા જ અહીં આવે તો માનવીને સુખ ન થાય, ને તેમનું અવતરણ માનવના સુખ માટે જ છે. જેમ કુંતાજી પાસે સૂર્ય આવ્યા ત્યારે જેવા આકાશમાં છે તેવા જ આવે તો કુંતાજી બળી જાય, માટે મનુષ્યરૂપ થઈને જ આવે છે. એમ કહીને ગીતા, ભાગવતાદિ શાસ્ત્રોના પ્રમાણ કહ્યા, વેદાદિક સત્શાસ્ત્રનું શ્રવણ ન કર્યું હોય ત્યાં સુધી આ તથ્ય-સત્ય-પથ્ય ના બને. માટે સત્પુરુષો થકી શાસ્ત્રોનું શ્રવણ કરવું જોઈએ. તો જ સાચી મોક્ષરીતિ સમજ્યામાં આવે છે, તમારામાં પણ ખુદા પૃથ્વી પર આવ્યાની કથા છે તે સાંભળો.એક બાદરશાહ બાદશાહ થઈ ગયો. તે મુલતાન દેશનો રાજા હતો. બાદરશાહ વૈભવી સાહસી અને ક્રૂર હતો. છતાં ફકીરોનો ચાહક હતો. તેના રાજમાં કટ્ટર ઈસ્લામનો ફેલાવો થયેલો. બાદરશાહના જીવનનું એક પણ સમણું બાકી નહિ, તે જે ધારે તે જે ઈચ્છે તે કરે, પણ કુદરતની આગળ કોઈ બાદશાહ નથી. બાદ શાહોના બાદશાહ ખુદા છે. આ સૃષ્ટિમાં તેનું જ ધાર્યું થાય છે. સર્વત્ર પરમાત્માની ઈચ્છાનું જ પ્રાધાન્ય છે. કાળ-કર્મ માયાનું ભગવાન ધારે એટલું જ ચાલે છે.

બાદશાહના બાદશાહી ઠાઠનો મુકુટ તેના એકના એક પુત્રના મસ્તક પર મૂકવાના વિચારો કરી રહ્યો હતો. પુત્ર પણ હવે રાજ સિંહાસન પર બેસવા આતુર હતો પણ કાળની ગતિ ન્યારી છે. બાદશાહ અને તેના પુત્ર કરતા પણ કાળની ઈચ્છા બળવાન નિકળી. પુત્ર અકાળે અવસાન પામ્યો. લાડકવાયો કબરમાં સૂવા તૈયાર ગઈ ગયો તેથી બાદશાહ પાગલ થઈગયો. યદ્વા તદ્વા બકવાસ કરવા લાગ્યો. તેણે અચાનક ફરમાન કર્યું.આપણા રાજ્યમાં અસંખ્ય ફકીરો રહે છે તેને રાજ્ય તરફથી ઘણી ઘણી સુવિધાઓ મળી છે , તે બધાને અહીં હાજર કરો. તેઓ તેના નૂરથી મારા આ પ્યારા પુત્રને જીવતો કરશે અને જો નહિ કરે તો હું તેમનું હલાલ કરીશ.

બાદશાહના ફરમાનથી ફકીરો રાજમહેલમાં આવ્યા. રાજાએ પોતાની તમન્ના કહી. આ માત્ર રાજનું ભાવી છે તેને જીવંત કરો, ને કાં તમે પણ મરવા તૈયાર થઈજાવ.'' ફકીરો એકબીજાનાં મુખ સામું જોવા લાગ્યા. પણ કાળધર્મ પામેલા. એ રાજકુમારને જીવતો કરવા કોઈ આગળ ન આવ્યું. મૌન થઈને નીચું જોઈને બેસી રહ્યા. ત્યારે રાજા ખુલ્લી તલવારલઈને આગળ આવ્યો. અને જ્યાં ફકીરોને મારવા ગયો ત્યાં ફકીરોમાંથી ખુદા ફકીરનું રૂપ લઈને પ્રગટ થયા.

એ ફકીરરૂપ ખુદાએ રાજાને રોક્યો ને કહ્યું : રાજકુમારને અહીં મારા શરણમાં લાવ. રાજાએ પુત્રના શવને અર્પણ કર્યું ત્યારે ફકીરે કહ્યું , 'હે સન્મતિ કુંવર ? પેંગબરના જીવનના ખાતર તું તત્કાળ ઉભો

થા, સૌની નજર એકીટશે આ અદષ્ટપર્વ ફકીરના નૂર પર અને રાજકુંવર પણ સ્થિર હતી. પરિણામની ઉત્સુકતા સૌને વ્યાકુળ કરી રહી હતી પણ કુંવર કંઈ ઉઠ્યો નહિ.ફકીરે ફરીને કહ્યું : ''મારા મહંમદ, એવા નામથી તું જલદી ઉભો થા.'' એમ કહ્યું એટલે તુરંત બાદરશાહ બાદશાહનો પુત્ર જીવિત થયો. સમગ્ર ફકીર આલમમાં નૂર આવ્યું. નવું જીવન પામ્યાનો આનંદ થયો. નહિ તો આ નિષ્ઠૂર બાદશાહ ફકીરોની હત્યા કર્યા વિના માનત જ નહિ. સૌને મૃતપુત્રને જીવનદાન આપનાર ફકીર પ્રત્યે અપાર લાગણી થઈ. પણ રાજા તો તેની સામે પણ તલવાર લઈને ઉભો રહી ગયો. તે કટ્ટરપંથી હતો. તેણે કહ્યુંઃ મે સાંભળ્યું છે કે જે એમ કે હું ખુદા છું અથવા ખુદા પૃથ્વી પર અવતાર ધારણ કરે છે. તેના શરીરની ચામડી ઉતારી લેવી. ફકીરો અને પ્રધાનોમાં સન્નાટો છવાય ગયો. મૃતપુત્રને જીવનદાન આપનાર ફકીરને આવી ભયંકર સજા પણ બાદશાહ બાદરશાહ કરતો હતો. તેની આગળ બોલવાની કોઈની હિંમત ન હતી. સૌ નીચું મુખ કરીને બેઠા ઉભા હતા પણ ફકીરે કહ્યું. બાદશાહ ? મારી હિંમત પરાક્રમ જુવો. એમ કહીને સાપ કાંચળી ઉતારે તેમ સમગ્ર શરીરની ચામડી ઉતારીને બાદશાહનાં ચરણોમાં ફેંકી. બાદશાહની ચાર આંખો થઈ ગઈ. મનુષ્યોચિત લીલા કરતા ફકીરરૂપ ખુદાએ કહ્યુંઃ બાદશાહ મને બહુ જ ભૂખ લાગી છે, જમવાનું આપ.'' બાદશાહે ઘઉંનો લોટ આપ્યો. તુરંત ખુદાએ સૂર્યને પ્રાર્થના કરી. હે સૂર્ય ! તું જો મારી આજ્ઞા માનતો હો તો આ કાચો લોટ પાણીથી બાંધીને મને રોટલી પકવી દે. ખુદ ખુદાનાં વચનને સૂર્ય કેમ ટાળી શકે ? ખુદાની બંદગીથી તો તે તેજસ્વી બન્યો છે. તેની આજ્ઞાથી તો ઉદય અસ્ત પામે છે. સૂર્ય ફૌરન હાજર થયા. લોટ બાંધીને રોટલી પકાવી દીધી પણ ખુદાની ઈચ્છાથી સહુને એટલું ભયંકર તેજ દેખાણું કે સમગ્ર સૃષ્ટી બળીને રાખ થઈ જશે કે શું ? ખુદાએ સહુને કહ્યુંઃ સૂર્ય માનવ બનીને આવે એટલે માનવ નથી થઈ જતા, તેમ ખુદા કોઈ પણ રૂપે આવે તે ખુદા જ રહે છે, હું ફકીર નહી ખુદ ખુદા જ છું. એમ કહીને ખુદા અદ્રશ્ય થઈ ગયા.''

શ્રીહરિએ જે વાત કરી તેનાથી મીર સાહેબનો છેલ્લો સંકલ્પ પણ પૂરો થઈ ગયો પણ શ્રીહરિનો સંકલ્પ બાકી છે. શ્રીહરિએ કહ્યું. આંખો બંધ કરીને ધ્યાનમુદ્રામાં બેસો, મીર સાહેબ ધ્યાનમાં બેઠા. ચિદાકાશની વચ્ચે શ્રીહરિને દીઠા. બીજુ પણ એક આશ્ચર્ય જોયું. ત્યાં તમામ પેગંબરો શ્રીહરિની સ્તુતિ કરતા હતા. તેમનું અંતર આનંદથી છલકાઈ રહ્યું. મહાઆશ્ચર્ય સાથે સમાધિમાંથી બહાર આવ્યા. પગ પકડીને પ્રાર્થના કરી, હે ખુદા ! હવે ક્યારેય જુદા ન થશો. સદૈવ મારા હૃદયમાં રહેશો. એવી આશા રાખું છું. કુરાનના અલ્લા સ્વયં આપ જ છો, હું આપનો આજીવન સેવક છું. શ્રીહરિએ ચરણોમાં પડેલા સેનાપતિને મસ્તકે હાથ મૂકીને રાજીપો આપ્યો. ''स्वसत्यस्तु'' કહીને વિદાય આપી. પણ હવે તો ''पादौ पदं न चलतस्तवपाद् मूलाद् ''જેવી સ્થિતિ થયેલી. ગઢપુર છોડીને જવાનો સંકલ્પ જ નો'તો થતો. છ-સાત દિવસ રહીને આંખો ભરી ભરી ભગવાનનાં દર્શન કર્યાં. કથા સાંભળી. સંત સમાગમ કર્યો અને પછી રસાલા સાથે વડોદરા ગયા.

આ મીર સાહેબે શ્રીજી મહારાજને સોનાની મૂઠવાળી કટાર અને એક તલવાર અર્પણ કરેલી. સુરતના કારીગર પાસે તૈયાર કરાવીને કલાત્મક મેનો પણ ભેટ ધરેલો. તેમની શ્રદ્ધા ભક્તિની વધામણી કરતા ભગવાન શ્રીહરિએ તેમને માથે બાંધેલી પાઘ આપેલી. આજ મીર સાહેબ ધન્ય થઈ ગયા. તેમણે આજીવન આ પાઘનાં દર્શન કર્યાં. પ્રતિદિન સવારે આ અણમોલ પાઘડીનાં દર્શન કર્યાં પછી જ કામ પર કચેરી જતા.

# "શિક્ષાપત્રી"

## A Management Mannual

લેખક : ડૉ. સુરેશ પટેલ

ગતાંકે આપણે કેટલાક પ્રશ્નો અને એના ઉત્તરો જોયા. આ અંકે આપણે શ્લોક ક્રમાંક -૧૯ જોઈશું જેનો અર્થ માત્ર વાંચવાથી સાંપ્રત સમયના સંદર્ભમાં ઘણા પ્રશ્નો થાય તેમ છે.

**अग्राह्यान्नेन पक्वं यदन्नं तदुदकं च न ।**

**जगन्नाथपुरो....न्यत्र ग्राह्यं कृष्णप्रसाद्यपि ॥११॥**

અને જેના હાથનું રાંધેલ અન્ન તથા જેના પાત્રનું જળ તે ખપતું ન હોય, તેણે રાંધેલ અન્ન તથા તેના પાત્રનું જળ, તે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદી ચરણામૃતના મહાત્મ્યે કરીને પણ જગન્નાથપુરી વિના અન્ય સ્થાનકનો વિષે ગ્રહણ ન કરવું અને જગન્નાથપુરીને વિષે જગન્નાથજીનો પ્રસાદ લેવાય તેનો દોષ નહીં.

આ શ્લોકમાં મને નીચેના પ્રશ્નો ઉદ્ભવ્યા.

(૧) કોના હાથ (પાત્ર)નું અન્ન/જળ 'મને' ખપે કે ન ખપે?

(૨) જગન્નાથપુરી સિવાય અન્ય કોઈ સ્થાનકે કેમ ન લેવાય?

(૩) જગન્નાથપુરીમાં પ્રસાદ લેવાની છૂટ કેમ આપી?

પરમાત્માની પ્રેરણાથી મને જે ઉત્તરો પ્રાપ્ત થયા તે નીચે મુજબ છે.

(૧) કોના હાથ (પાત્ર)નું અન્ન/જળ 'મને' ખપે કે ન ખપે?

સૌ પ્રથમ તો 'ખપવું' શબ્દ સમજી લઈએ. લેવાય કે ન લેવાય (ગ્રહણ કરાય કે ન કરાય) એ એનો સીધો સાદો અર્થ છે પણ 'લેવું જોઈએ કે ન લેવું જોઈએ' એવો અર્થ જાણીએ તો સમજાય કે ક્રિયાની યોગ્યતા/અયોગ્યતા ચકાસાઈ રહી છે. સાવ સાદું ઉદાહરણ આપું. ગુજરાતના મોટા ભાગના શહેરો અને હવે તો ગામડાંમાં પણ માર્ગની ધારે 'પાણીપુરી'ની રેકડી/લારીઓ હોય છે. સ્વાદના શોખીનોને પાણીપુરી અત્યંત પ્રિય છે. 'પ્રાણથી પણ અધિક પ્રિય છે' એમ કહું તો જરાય અતિશયોક્તિ નથી !! માર્ગ પરથી પસાર થતાં વાહનો ધૂમાડા થકી 'મરક્યુરી', 'ઝીંક' અને 'લેડ' (પારો, જસત અને સીસું) જેવું ધાતુના કણો હવામાં છોડે છે જે કાર્બન અને ધૂળ ઉપરાંતનું બોનસ છે. ખુલ્લા ખુમચામાં પડેલી પુરીઓ અને પાણીમાં આ તમામ કચરો જાય છે. જે ધુળ ઉડે છે એ જ એકમાત્ર પ્રદુષક ગણીએ તો ધૂળમાં પશુઓ, પક્ષીઓ અને કયારેક તો માનવ મળમૂત્ર/વિષ્ટાના કણો પણ પ્રચુર માત્રામાં હોય છે. આટલું અપૂરતું હોય તેમ અત્યંત અસ્વચ્છતામાં રહેતા અને સ્વયં પણ અસ્વચ્છ હોય તેવા અને અસ્વચ્છ હાથો વડે (પાણીમાં બોળી બોળીને) પાણીપુરી પીરસતા ફેરીયાઓ દ્વારા આ તમામ કચરો ડીસમાં આપવામાં આવે છે. હવે આવું ખવાય કે ન ખવાય ? સુજ્ઞ વાચકો સમજી શકશે કે ચણા સારા છે, ફુદીનો સારો, ઘઉં સારા છે અને પાણી પણ સારું જ છે પરંતુ આ ફેરીયાના હાથનું રાંધેલું/પીરસેલું અને એના પાત્રનું જળ, માર્ગની ધારે આવેલા સ્થાનકેથી ન જ

લેવાય.

હવે આ જ પ્રશ્નનો પૂર્વભાગ જોઈએ ''કોના હાથનું 'મને' ખપે''!- સાંસારિક જીવન જીવતાં આપણે અસંખ્ય લોકો સાથે અસંખ્ય સંબંધો બાંધીએ છીએ. પ્રત્યેક સંબંધમાં આદાન-પ્રદાન સંકળાયેલું છે. ક્યારેક શબ્દોનું આદાન-પ્રદાન તો ક્યારેક વસ્તુઓના પ્રત્યેક આદાન-પ્રદાન પાછળ સમય-શક્તિ-પૈસાનો ઉપયોગ અથવા વ્યય થાય છે. હું કોઈને ફોન કરું તો ૧ મિનીટનો ૧ રૂપિયો મારે ખર્ચાય છે. પણ એટલું જ નહીં. '૧ મિનીટ' જેટલો સમય અને 'બોલવાની' તેમજ 'વિચારવાની' (અને મોટા ભાગે ચાલતાં ચાલતાં વાત કરવાની ટેવને કારણે 'ચાલવાની'!) શક્તિ પણ ખર્ચાય છે.

'સમય-શક્તિ-પૈસા' સંકલિત રીતે અને સ્વતંત્ર રીતે જીવનની જ અભિવ્યક્તિ છે. જ્યારે હું કોઈ વ્યક્તિનો સમય, મારા સ્વાર્થ માટે બગાડું છું, ત્યારે સૂક્ષ્મ રીતે તો હું એના આયુષ્યનો થોડો ભાગ છીનવી લઉં છું જે એક પ્રકારની હિંસા જ છે. કોઈ વ્યક્તિ મહેનત કરે (સમય અને ઉર્જાનો વ્યય) ત્યારે પૈસા મેળવે અને એ પૈસાથી વસ્તુ ખરીદે. હું જ્યારે આ વસ્તુનો એ વ્યક્તિની મંજુરી/ઈચ્છા વિરૂદ્ધ ઉપયોગ કે દુરુપયોગ કરું ત્યારે મેં એના સમય અને ઉર્જાની બરબાદી કરી કહેવાય.

ઉપરોક્ત સંદર્ભે જે સંબંધો પરસ્પર સંમતિ/મંજુરીથી સ્થપાયા હોય અને પરસ્પર સંમતિ/મંજુરીથી આદાન-પ્રદાનનો વ્યવહાર ચાલતો હોય અને એ સંબંધ અને આદાન પ્રદાનનો મૂળ આધાર ધર્મ હોય (અગાઉના અંકોમાં ધર્મ વિશે જૂઓ) તે જ સંબંધ યોગ્ય ઠરે છે અને એ સંબંધમાં થયેલું આદાન પ્રદાન યોગ્ય ઠરે છે. (પત્ની સાથેનો શારીરિક સંબંધ યોગ્ય ગણાય છે, જ્યારે અન્ય સ્ત્રી સાથેનો એ સંબંધ વ્યાભિચાર અથવા અયોગ્ય ગણાય છે. અહીં ક્રિયા મહત્ત્વની નથી પણ લગ્નમાં જોડાવાથી પરસ્પર સંમતિ સધાઈ છે, લગન સાથેની જવાબદારીઓની. આ જવાબદારીઓને 'પતિનો ધર્મ' તરીકે વ્યાખ્યાયિત પણ કરેલ છે).

આ સમજાઈ ગયું હોય તો હવે એ સ્પષ્ટ થઈ ગયું હશે કે કોના હાથનું રાધેલું ખવાય અને કોના પાત્રનું જળ પીવાય ? ભવિષ્યમાં ક્યારેય પણ આ નિર્ણય કરવાનો થાય ત્યારે આધ્યાત્મિક, (ધાર્મિક), સામાજિક, વ્યાવસાયિક અને શારીરિક/માનસિક સંદર્ભો તપાસવા અને તદનુરુપ વર્તવું. સૌરાષ્ટ્રમાં ''દીકરીના ઘરનું ખવાય નહિ'' એવી રુઢિ આજે પણ પ્રવર્તે છે. (દીકરી પરતીને જાય તે પહેલાં એના હાથનું રાંધેલું ખવાય પણ પરણ્યા પછી હવે દીકરી સાથે જમાઈ અને શ્વસુરપક્ષના તમામ લોકોના સમય-ઉર્જા-પૈસા જોયાઈ ગયા છે, એવી સમજ અભણ લોકો પણ ધરાવે છે.

(૨) જગન્નાથપુરી સિવાય અન્ય કોઈ સ્થાનકે કેમ ન લેવાય ?

સ્થાન એટલે માત્ર જગ્યા જ નહીં પરંતુ સમય અને સંજોગ પણ ખરાં જ. એક સરળ ઉદાહરણથી સમજીએ. મારા માથાં પર કાળા રંગના જે તાંતણા ઉગે છે એને 'વાળ' કહે છે પણ જ્યારે હજામભાઈ એને કાપી લે છે પછી એને 'કચરા પેટી'માં નાખે છે ત્યારે એ 'કચરો' કહેવાય છે. આના આ વાળ જો હું તિરુપતિ બાલાજી (દક્ષિણ ભારત)નાં મંદિરમાં ઉતરાવું તો એ બલિદાન/સમર્પણ છે અને ત્યાં પાડોશમાં આવેલી એમિનો એસિડ (દવા) બનાવતી ફેક્ટરીવાળા જ્યારે એને લઈ જાય ત્યારે 'કાચો માલ' છે !! વાળ તો એના એ જ, પણ સ્થાનક બદલાય એટલે એનું મૂલ્ય/અર્થ/વ્યાખ્યા બદલાઈ જાય છે. કરિયાણાની દુકાનમાં પડેલા 'સફેદ ખાંડના કાંકરા'ને સાકરિયા કહે છે, પણ એ જ સાકરિયા પ્રભુને ધરાવાય ત્યારે 'ભોગ' અને આપણે ગ્રહણ કરીએ ત્યારે 'પ્રસાદ' કહેવાય છે.

આમ સંબંધો થકી થતું આદાન-પ્રદાન મંદિર

સિવાયના તમામ સ્થાનકો એ જુદાં આયામો ધરાવે છે એટલે ત્યાં યોગ્યતા/અયોગ્યતાનો વિચાર કરવો જ પડે છે.

(૩) જગન્નાથપુરીમાં પ્રસાદ લેવાની છૂટ કેમ આપી?

ભગવાન જગન્નાથ એટલે જગતના નાથ. ઈશ્વર આગળ તમામ ચીજો, સંબંધો, આદાન પ્રદાન ગૌણ થઈ જાય છે એ મુખ્ય ભાવના છે. પ્રાચીન સમયમાં જગન્નાથપુરી એ શ્રેષ્ઠતમ તીર્થો પૈકીનું એક ગણાતું હતું. એનું સ્થાનક ઠેઠ ઓરિસ્સા-ભુવનેશ્વર દરિયાકાંઠે આવેલું છે અર્થાત્ કેટલી લાંબી અને કઠિન યાત્રા કરીને ત્યાં પહોંચાય. અત્યારે પ્રવાસ સ્થળ ગણાય પણ એ જમાનામાં યાત્રા-સ્થળ/તીર્થ સ્થળ 'પુણ્યક્ષેત્ર' ગણાતું. એટલે જગન્નાથપુરીની યાત્રાએ જનારના હૃદયમાં સમર્પણની, ઈશ્વરપ્રાપ્તિની, પ્રેમની, ત્યાગની ભાવના પ્રચુર માત્રામાં હોય તે સ્વાભાવિક છે. વ્યક્તિ કઠિન યાત્રાએ જાય ત્યારે પોતાનો ભૂતકાળ પાછળ મૂકીને જ જાય અને આપણે પણ જ્યારે ઈશ્વરની મૂર્તિ સમક્ષ ઉભા રહીએ ત્યારે પુર્ણ રીતે 'વર્તમાન'માં જ હોઈએ. આપણી આસપાસના તમામ પણ એ વખતે 'જેવા છે તેવા' જ આપણે જોવા જોઈએ, નહીં કે 'તેઓનો ભુતકાળ શું હતા?' તે જોઈએ.

આમ જગન્નાથપુરીમાં ભગવાન જગન્નાથ સમક્ષ જે કંઈ પ્રાપ્ત થાય તે તમામ ભગવાન જગન્નાથનો પ્રસાદ જ છે અને પ્રસાદનો નિષેધ હોય નહીં. શ્રી રામ સામે ઉભા હોય ત્યારે મહર્ષિ વાલ્મિકીને વંદન જ કરવા ઘડે - નહીં કે વાલિયો લુંટારો ઉભો છે એવું યાદ રાખીએ !! 'ઈશ્વરના દરબારમાં સૌ સરખા છે' એ ભાવના પ્રત્યેક ભારતીયના જન માનસમાં દૃઢ થઈ ગયેલી જ છે.

જગન્નાથપુરીમાં કોઈ પણ વ્યક્તિ ભગવાન જગન્નાથને અર્પણ કરે તે અર્પિત ચીજ ભગવાનનો પ્રસાદ થયો અને એનો સંબંધ હવે વ્યક્તિ સાથેનો મટીને ભગવાન સાથેનો થયો એટલે ભગવાન પાસેથી જે પ્રસાદ મળે તે લેવામાં કશો નિષેધ રહ્યો નહીં. અહીં ઈશ્વરનો, સ્થાનકનો અને પદાર્થનો એમ ત્રણેયનો મહિમા થયો. સૌ વચકોને એક પ્રશ્ન પૂછવો. 'આપણું કોઈપણ પ્રદાન, અન્ય કોઈને પણ ક્યારે ખપે ?' આ લેખમાં એનો જવાબ આવી જ ગયો છે. "જ્યારે આપણું પ્રદાન, ઈશ્વરને સમર્પિત કરવાની ખ્યાલથી જ થયું હોય."

સૌને જય શ્રી સ્વામિનારાયણ.

---

મોહ... (પાન ૫ નું ચાલુ)

મોહાવસ્થા દરમિયાન ઘટતી આ ત્રણે ઘટનાઓનું સ્વરૂપ જોતાં મોહાવસ્થાને એક પ્રકારની સૂક્ષ્મ મનોમય મૂર્છા ગણવામાં આવે તો તેમાં કશું ખોટુ નથી.

મોહ આપણા ચિતમાં ક્યારે ઉપસ્થિત થાય છે, અને શા માટે ઉપસ્થિત થાય છે ?

મોહની ઘટના પ્રકૃતિની એક ચાલબાજી છે. મોહની સમગ્ર ઘટનાને સમજવાથી આપણે આ ચાલબાજીની કારણ મીમાંસા તેના સ્વરૂપને સમજી શકીશું. માનવ ચિતમાં અનેક અવનવી અને અટપટી ઈચ્છાઓ હોય છે આ ઈચ્છાઓમાંથી ઘણી ઈચ્છાઓ ઉચિત કહેતા યોગ્ય હોય છે. નીતિ માન્ય હોય છે. સમાજ માન્ય હોય છે, તેથી તેમની મૂર્તિ સહજ સરળ રીતે કરી શકાય છે. દા.ત. સફરજન ખાવાની ઈચ્છા થઈને સફરજન ખાધુ ઉચિત ઈચ્છા છે. પરંતુ બધી ઈચ્છઓ આવી હોતી નથી. ઘણી ઈચ્છાઓ એવી પણ હોય છે. પરંતુ બધી ઈચ્છાઓ આવી ક્ષેતી નથી. ઘણી ઈચ્છાઓ એવી પણ હોય છે. જે અનુચિત (અયોગ્ય) હોય છે. નીતિ માન્ય હોતી નથી. સમાજ માન્ય હોતી નથી.




પ.પૂ.સદ્.પુરાણી સ્વામી શ્રી ભક્તિકિશોરદાસજીની શ્રદ્ધાંજલી સભા તા. ૧૩-૧૦-૨૦૧૩ને રવિવારના દિવસે શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ ખાતે સભા મંડપમાં રાખવામાં આવી હતી. જેમાં દરેક ધામોમાંથી મોટી સંખ્યામાં સંતો તથા હરિભક્તોએ હાજર રહી પૂ.સ્વામીને શ્રદ્ધાંજલી અર્પી હતી.






શ્રી સ્વામિનારાયણ મંદિર - ઈસ્ટ લંડન ખાતે પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજનું ધામધૂમ પૂર્વક સ્વાગત  તથા પધરામણી અને સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.





શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ ખાતે દશેરાના દિવસે પૂ. લાલજી શ્રી સૌરભપ્રસાદજીના હસ્તે સમી પૂજન કરવામાં આવ્યું હતું.





શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ ખાતે મંદિરના કર્મચારીઓની વાર્ષિક સભા તથા સમુહ ભોજન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક કર્મચારી મિત્રો હાજર રહીને ઉત્સાહભેર ભાગ લીધો હતો.



# અક્ષરવાસ

## પ.પૂ.સદ્.પુરાણી સ્વામી શ્રી ભક્તિ કિશોરદાસજી
## ગુરુ પ.પૂ.સદ્.કોઠારી સ્વામી શ્રી નંદકિશોરદાસજી - વડતાલ

સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીની પરંપરાના પ.પૂ.સદ્. કોઠારી સ્વામી શ્રી નંદકિશોરદાસજીના શિષ્ય પૂ.પુરાણી સ્વામી પુર્વાશ્રમમાં મેટ્રીકની પરીક્ષા પાસ કર્યા બાદ તરત  બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરૂની આજ્ઞા શિરે ચઢાવી ત્યાગાશ્રમ સ્વિકારી પોતાનું જીવન ગુરુચરણમાં સમર્પિત કર્યું. ગુરુ આજ્ઞા શિરે ચડાવી ત્યાગાશ્રમ સ્વિકારી પોતાનું જીવન ગુરુ ચરણમાં સમર્પિત કર્યું. ગુરુ આજ્ઞાએ ભાવતી દિક્ષા બાદ ગઢપુરધામ તથા વડતાલમાં રહી સંસ્કૃતનો અભ્યાસ કર્યો. મૂળ શ્લોકાર્થ સાથે શ્રીમદ્ સત્સંગીજીવન તથા ભાગવતની અનેક પારાયણો કરી. ગુરુનાં સાનિધ્યમાં રહી સત્સંગમાં અનેક ગામડાઓમાં વિચરણ કરી તથા સુરત, ચાંણોદ, મુંબઈ, ધોલેરા જેવા મોટા મંદિરોમાં રહી મંદિર, દેવ, હરિભક્તોની ખુબ મોટી સેવા કરી સહુનો રાજીપો પ્રાપ્ત કર્યો. અને ગુરૂના અક્ષરવાસ બાદ પણ પોતાની સેવા અવિરત ચાલુ રાખી વડતાલ મંદિરના મુખ્ય કોઠારીશ્રી તરીકે વડતાલધામની ખુબ સેવા કરી. આમ, આજીવન પૂ. સ્વીએ સત્સંગમાં પોતાની વહીવટી સેવાઓ આપી મંદિર, દેવ, આચાર્ય, હરિભક્તો સહુનો રાજીપો પ્રાપ્ત કર્યો.

સેવા નિવૃત્ત થયા બાદ પોતાનું શેષ જીવન સ્વામિનારાયણ ગુરુકુલ નાવલી (કંડારી શાખા)માં પ.પૂ.સદ્. શાસ્ત્રીજી સ્વામી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી તથા સંત મંડળ સાથે ખુબ જ ભજન ભક્તિમય રીતે વ્યતિત કર્યું. નિયમિત પણે વહેલી સવારે બે વાગ્યે જાગી ૧૦ વાગ્યા સુધી નિત્ય પૂજા પાઠ, ૧૦૮ જનમંગલ હરિકવચના પાઠ વગેરે પાઠ કરી મહારાજને રાજી કરતા. નાદુરસ્ત તબીયતને ગણકર્યા વિના નિત્ય સવાર - સાંજ આરતી - સ્તુતિમાં તથા કથામાં પહોંચી જતા. વૃદ્ધાવસ્થા હોવા છતાં નિત્ય બગીચામાંથી જાતે ફુલ લાવી ઠાકોરજીને ચડાવતા. દર વર્ષે ચાતુરમાસમાં ભક્ત ચિંતામણી, વચનામૃત વગેરે સદ્‌ગ્રંથોનો પાઠ કરતા. પૂ. પુરાણી સ્વામીનો સ્વભાવ ખુબ જ માયાળુ હતો. કથા દરમિયાન મહારાજના - સંતો - ભક્તોના ચરિત્રો સાંભળીને ઘણી વખત રડી પડતા. આવો પૂ.સ્વામીનો અતિ સ્નેહાળુ સ્વભાવ હતો. આવા સદ્‌ગુણો અને ભજન પરાયણ પૂ.પુરાણી સ્વામી તા. ૩૦-૦૯-૨૦૧૩ સોમવારને એકાદશીના પરમ પવિત્ર દિવસે બ્રહ્મમૂહુર્તમાં ૫-૦૦ કલાકે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્મરણ કરતાં કરતાં દેહનો ત્યાગ કરી અક્ષરધામમાં પધાર્યા. પૂ.પુરાણી સ્વામીનો અંતિમ સંસ્કાર તા. ૦૧-૧૦-૨૦૧૩ને મંગળવારના રોજ સવારે ૧૧-૦૦ કલાકે વડતાલધામ મુકામે હજારો સંતો - ભક્તોનાં સાનિધ્યમાં સંપન્ન થયો. તેઓશ્રીની શ્રદ્ધાંજલિ સભા, ઠાકોરજી, સંતો, ભક્તોની રસોઈ દશેરાનાં પવિત્ર દિવસે વડતાલ સભા મંડપમાં રાખવામાં આવી હતી.

## પૂ. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી ગુરુ પૂ. સ્વામી લક્ષ્મણજીવનદાસજી - ગઢડા

પૂ. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી તા. ૧૭-૦૯-૨૦૧૩ મંગળવારના રોજ શ્રી હરિનું સ્મરણ કરતાં કરતાં અક્ષરવાસી થયા છે. તેઓએ શ્રી સ્વામિનારાયણ મંદિર ઘનશ્યામનગર - સુરત ખાતે ૨૮ વર્ષ સુધી કોઠારી પદે નિષ્ઠાપૂર્વક સેવા કરી હતી. તેઓનો સ્વભાય સરળ અને માયાળુ હતો. તેઓના જવાથી સંત સમુદાય તથા સમત્સ સત્સંગને ન પૂરાય તેવી ખોટ પડી છે. શ્રીજી મહારાજ તેમને પોતાના ચરણોનું સુખ આપે એવી પ્રાર્થના.

# માસિક ભેટ નામાવલી

## (સપ્ટેમ્બર - ૨૦૧૩)

| | | |
|---|---|---|
| ૧૦૧ | શ્રી ધીરજભાઈ ચંદુલાલ પંડ્યા | દંતાલી |
| ૧૦૧ | શ્રી રસિકલાલ રમણલાલ ઠક્કર | વિદ્યાનગર |
| ૩૭૦૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર હ. કનુભાઈ સી.પટેલ | સેવાલીયા |
| ૧૦૦ | શ્રી સંતશરણ બી. રાવ | અછાલીયા |
| ૧૦૧ | શ્રી હિરલકુમાર જીતુભાઈ પટેલ | મોગરી |
| ૧૦૧ | શ્રી ચંદુભાઈ મોહનભાઈ પઢીયાર | વડતાલ |
| ૧૦૧ | શ્રી સુરેશભાઈ કિશાભાઈ પરમાર (જોબનપુરાવાળા) | જોળ |
| ૧૨૧ | શ્રી મિલનભાઈ કે. બ્રહ્મભટ્ટ | મુંબઈ |
| ૧૦૧ | શ્રી બિન્દુબેન હિતેશભાઈ પટેલ | ઈસણાવ |
| ૧૦૦ | શ્રી ધ્યાનકુમાર દેવેન્દ્રભાઈ અમીન | ચોરંદા |
| ૧૦૦ | શ્રી પૂજાબેન કમલેશભાઈ અમીન | ચોરંદા |
| ૩૧૧ | શ્રી અશ્વિનભાઈ મગનભાઈ ઠાકોર (જોબનપુરાવાળા) | જોળ |
| ૧૦૦ | શ્રી પ્રિયાંકકુમાર ભાષ્કરભાઈ પટેલ | માંજલપુર |
| ૧૦૧ | શ્રી સરોજબેન કિરીટભાઈ રાય | નડિયાદ |
| ૧૦૦ | કાંતિભાઈ ઈચ્છાભાઈ પટેલ | ભીમકૂઈ |
| ૧૦૧ | શ્રી ભાઈલાલભાઈ નારણભાઈ પટેલ | સેંધવા (એમ.પી.) |
| ૧૦૧ | શ્રી કપિલાબેન ભાઈલાલભાઈ પટેલ | સેંધવા (એમ.પી.) |
| ૨૫૧ | શ્રી રાધાબેન પ્રવિણભાઈ પરમાર (ડ્રાઈવર) | વડતાલ |
| ૧૫૧ | શ્રી જયંતીભાઈ વલ્લવભાઈ પટેલ | ખાંધલી (નાપા) |
| ૧૫૧ | શ્રી રાવજીભાઈ રણછોડભાઈ પંચાલ | જંબુસર |
| ૧૧૧ | શ્રી નિરવ એચ. ઠાકર | વિદ્યાનગર |
| ૨૦૦ | શ્રી રસિકભાઈ જશભાઈ પટેલ | નરસંડા |
| ૧૦૦ | શ્રી રિલ્કેશ રસિકભાઈ પટેલ | નરસંડા |
| ૧૧૦૦ | શ્રી માધવભાઈ વલ્લભભાઈ પટેલ (તારાપુરવાળા) | કલાલી |
| ૧૦૧ | શ્રી વાસુદેવ દેવચંન્દ્ર નથવાણી | -- |
| ૧૧૦ | શ્રી વિજયભાઈ પોપટલાલ દંતાણી | આણંદ |
| ૧૦૧ | શ્રી દર્શિતકુમાર નૈનેશભાઈ પટેલ | નરસંડા |
| ૧૦૧ | શ્રી જીનલકુમાર સુરેશભાઈ હ. મકનભાઈ | કાવીઠા |
| ૧૦૧ | શ્રી સુનિલ નવલકુમાર મોદી | સુરત |
| ૧૦૧ | શ્રી નવલકુમાર જમનાદાસ મોદી | સુરત |
| ૧૦૦ | શ્રી અર્પિતાબેન મહેશભાઈ પટેલ | પિપળાવ |
| ૧૧૧ | શ્રી રમેશભાઈ ઉદેશીંગભાઈ પરમાર (ડે.સરપંચ) | વડતાલ |
| ૧૦૦ | શ્રી ભાગ્યલક્ષ્મી ટ્રેડીંગ કું. હ. સુરેશભાઈ કે. પટેલ | વલેટવા |
| ૧૦૧ | શ્રી વસંતબેન નરોત્તમદાસ ઝઘડા | મુંબઈ |
| ૫૦૧ | શ્રી ભૂપેન્દ્રભાઈ મગનભાઈ પટેલ | મેઘવા (ગાના) |
| ૧૦૦ | શ્રી અરવિંદભાઈ મંગળભાઈ પટેલ | વીણા |
| ૧૫૧ | શ્રી ઘનશ્યામ સ્ટોર | ડભોઈ |
| ૧૦૧ | શ્રી કમળાબેન કાંતીલાલ પટેલ | નડિયાદ |
| ૧૦૧ | શ્રી ગીતાબેન જગદીશભાઈ પટેલ | નડિયાદ |
| ૧૦૦ | શ્રી ભૂમિકાબેન પ્રકાશચંદ્ર પટેલ | ભરૂચ |
| ૧૧૧ | શ્રી વિનોદભાઈ પ્રવિણચંદ્ર મહેતા (ચશ્માવાળા) | નવસારી |
| ૧૦૧ | શ્રી પુષ્પાબેન હસમુખભાઈ પટેલ | સુરત |
| ૨૫૧ | શ્રી રાજુભાઈ મૂળજીભાઈ પાનવાળા | ચાણોદ |
| ૧૫૧ | શ્રી દિનેશભાઈ આશાભાઈ પરમાર | બામરોલી |
| ૧૦૦ | શ્રી દિપકભાઈ અરવિંદભાઈ પંચાલ | વાઘોડિયા |
| ૧૦૦ | શ્રી મનહરલાલ રામલાલ સોની | છાલીયેર |
| ૧૦૧ | શ્રી દિપકકુમાર સંજયભાઈ સોની | ડેસર |
| ૧૦૧ | શ્રી રાવજીભાઈ ડાહ્યાભાઈ પરમાર | માંઘરોલી |
| ૧૦૦ | શ્રી સંજયભાઈ ભોગીલાલ પટેલ | અવિધા |
| ૧૦૦ | શ્રી રજનીકાંત કંચનલાલ પટેલ | વેજલપુર |
| ૨૦૧ | શ્રી વિલાસબેન હિંમતસિંહ રાઠોડ | બુધેજ |
| ૧૦૦ | શ્રી યશ્રીબેન જીતેશકુમાર કાબરાવાળા | ભરૂચ |
| ૧૦૧ | શ્રી કાંતીભાઈ વાલજીભાઈ વાળા | બેડવા |
| ૧૫૧ | શ્રી નિલેશભાઈ ઠાકોરભાઈ પરમાર | ભરૂચ |
| ૧૦૧ | શ્રી પ્રવિણાબેન પાઠક | વડોદરા |
| ૧૦૧ | શ્રી યશવંત પી. તલાટી | આણંદ |
| ૧૦૧ | શ્રી હેમંતકુમાર કનુભાઈ ધોબી | પિપળાવ |
| ૧૦૦ | શ્રી સાન્વી તેજસ પટેલ | પિપળાવ |
| ૧૦૦ | શ્રી સીતારામ મણીભાઈ રાય | મોટા કરાળા |
| ૧૫૧ | શ્રી જી.એ.હરિભક્તિ હ.પા.દિનુભગત એ.સડથલાવાળા | અમદાવાદ |
| ૧૫૧ | શ્રી નિરવકુમાર રમેશભાઈ એમ.પટેલ હ.પા.દિનુભગત એ.સડથલાવાળા | માંજલપુર (વડોદરા) |
| ૨૦૦ | શ્રી એચ.એન. પટેલ | જલગાંવ (મહારાષ્ટ્ર) |
| ૧૦૧ | શ્રી જગદીશચંદ્ર સી. ધ્યાની (એડવોકેટ) | આણંદ |
| ૨૫૧ | શ્રી કિરીટભાઈ આર. રાય | નડિયાદ |
| ૧૦૧ | શ્રી કિરીટભાઈ આર. રાય | નડિયાદ |
| ૧૦૧ | શ્રી દિક્ષિત એચ. રાય | નડિયાદ |
| ૧૦૧ | શ્રી શ્રેય દિક્ષિતભાઈ રાય | નડિયાદ |
| ૧૦૧ | શ્રી અનસુયાબેન એચ. રાય | નડિયાદ |
| ૧૦૧ | શ્રી ડિમ્પુબેન એમ. રાય | કરમસદ |
| ૧૦૦ | શ્રી સુભાષ કનૈયાલાલ બ્રહ્મભટ્ટ | મુંબઈ |
| ૧૦૦ | શ્રી સુશિલાબેન જશભાઈ પટેલ (રાસાવાળા) | જીટોડિયા |
| ૧૫૧ | શ્રી લીલાબેન માદલીયા | સુરત |
| ૧૦૧ | શ્રી જયાબેન પ્રમોદભાઈ ધોબી | આણંદ |
| ૧૦૦ | શ્રી મહેશભાઈ બી. પટેલ | પિપળાવ |
| ૧૦૧ | શ્રી દેવાંશ નિકુંજ પટેલ | ચિખોદરા |

# સુવર્ણ શિખર ઉદ્ઘાટન મહોત્સવ કાર્યક્રમની રૂપરેખા



**પોથીયાત્રા**
તા. ૧૧-૧૧-૨૦૧૩, કારતક સુદ-૯, સોમવાર, સવારે ૮-૦૦ કલાકે



**દિપ પ્રાગટ્ય**
તા. ૧૧-૧૧-૨૦૧૩, કારતક સુદ-૯, સોમવાર, સવારે ૯-૦૦ કલાકે



**મંત્રલેખન - અખંડ ધૂનનો પ્રારંભ**
તા. ૧૧-૧૧-૨૦૧૩, સવારે ૬ થી ૬ કલાકે
કારતક સુદ નોમ થી પુનમ - આજુબાજુના ગામના ભક્તો દ્વારા
સ્થળ : પ્રસાદીનાં બુરજમા



**શ્રીઘનશ્યામ જન્મોત્સવ**
તા. ૧૧-૧૧-૨૦૧૩, કારતક સુદ-૯, સોમવાર, સાંજે ૫-૩૦ કલાકે



**દેવોને વસ્ત્ર (વાઘા) અર્પણવિધિ**
તા. ૧૨-૧૧-૨૦૧૩, કારતક સુદ-૧૦, સાંજે ૫-૦૦ કલાકે
શ્રીમતિ પારૂલબેન વિજયભાઈ મહેતા હ. હર્ષ



**સમૂહ મહાપૂજા**
તા. ૧૩-૧૧-૨૦૧૩, કારતક સુદ-૧૧, સવારે ૭-૩૦ કલાકે
શ્રી હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં વૈદિક વિધિ સાથે
પરમ પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી
આ મહાપૂજા કરાવવાનો લાભ બધા હરિભક્તોને આપશે.



**સુવર્ણ રત્નજડીત મુગટ અર્પણવિધિ**
તા. ૧૩-૧૧-૨૦૧૩, કારતક સુદ-૧૧, સાંજે ૫-૦૦ કલાકે



**જળયાત્રા**
તા. ૧૩-૧૧-૨૦૧૩, કારતક સુદ-૧૧, સાંજે ૫-૩૦ કલાકે




**નૂતન હરિકૃષ્ણ યાત્રીક ભુવન ઉદ્‌ઘાટન**
તા. ૧૩-૧૧-૨૦૧૩, કારતક સુદ-૧૧,
સમય : સાંજે ૬-૦૦ કલાકે
(ગોમતી કાંઠે)



**અભિષેક**
તા. ૧૪-૧૧-૨૦૧૩, કારતક સુદ-૧૨, સવારે ૬ થી ૭ કલાકે



**ભવ્યાતિભવ્ય સુવર્ણ શિખર ઉદ્‌ઘાટન**
તા. ૧૪-૧૧-૨૦૧૩, કારતક સુદ-૧૨, સવારે ૮ થી ૯
વડતાલ પીઠાધિપતિ આચાર્ય મહારાજશ્રી તેમજ
વડીલ સંતો ભક્તોના વરદ્‌ હસ્તે થશે.
હેલીકોપ્ટર દ્વારા પુષ્પવૃષ્ટિ થશે.



**સંતોના ભંડાર તથા નિવાસનુ ઉદ્‌ઘાટન**
તા. ૧૪-૧૧-૨૦૧૩, કારતક સુદ-૧૨,
સવારે ૧૦-૦૦ કલાકે
પૂ. મહારાજશ્રી તથા વડિલ સંતોના વરદ્‌ હસ્તે



**રક્તદાન શિબિર**
તા. ૧૪-૧૧-૨૦૧૩, કારતક સુદ-૧૨, સવારે ૯ કલાકે



**અન્નકુટ**
તા. ૧૪-૧૧-૨૦૧૩, કારતક સુદ-૧૨, બપોરે ૧૨ કલાકે



**પૂ. મહારાજશ્રીની પૂજનવિધિ**
તા. ૧૬-૧૧-૨૦૧૩, કારતક સુદ-૧૪, શનિવાર, સાંજે ૫-૩૦ કલાકે



**જ્ઞાનકુપ છત્રીનું ખાતમુહર્ત**
તા. ૧૭-૧૧-૨૦૧૩, કારતક સુદ-૧૫, રવિવાર, સવારે ૮ કલાકે
પૂ. મહારાજશ્રી દ્વારા



**કથા પૂર્ણાહુતિ**
તા. ૧૭-૧૧-૨૦૧૩, કારતક સુદ-૧૫, રવિવાર, બપોરે ૧૧-૩૦ કલાકે

## રાત્રી કાર્યક્રમ

**નૃત્ય નાટક શિખર બોલે**
તા. ૧૩-૧૧-૨૦૧૩, રાત્રે ૯ થી ૧૧

**ભજન સંધ્યા**
તા. ૧૬-૧૧-૨૦૧૩ રાત્રે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાકે
રાજેન્દ્ર પાલા - મુંબઈ તથા રવિન્દ્ર વર્મા - ઋષિકેશ

**સમ્રગ મહોત્સવનું લાઈવ પ્રસારણ**
**G.T.P.L. ચેનલ પર થશે**

**મહોત્સવનો સંપૂર્ણ વેદોક્ત વિધિ :** શ્રી ધીરેનભાઈ ભટ્ટ કરાવશે

**સંહિતા વાંચન : ઋષિકેશના પવિત્ર ઋષિકુમારો તથા પૂ. સંતો દ્વારા સંહિતાપાઠનુ વાંચન કરવામાં આવશે.**

**સંપર્ક : ૮૫૧૧૧૫૧૭૦૪, ૮૫૧૧૧૫૧૭૦૫**

www.vadtalmandir.org
www.neelkanthvarni.com

**નોંધ :- શિખરમાં સેવા કરનાર તમામ ભક્તોએ આ મહાપૂજાનો અવશ્ય લાભ લેવો. મહાપૂજામાં બેસવાના હોય તેમણે આ મો.નં. ૮૫૧૧૧૫૧૭૧૯ ઉપર સંપર્ક કરી નામ નોંધાવવું.**




માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને ૬૪મી વર્ષગાંઠ નિમિત્તે આસી. કોઠારી સ્વામી શ્રી દેવપ્રકાશદાસજી, સ્વામી શ્રી ધર્મજીવનદાસજી, સ્વામીશ્રી મુનીવલ્લભદાસજી, શા.સ્વામી શ્રી સુર્યપ્રકાશદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ તરફથી ઉપહાર તથા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# શ્રી ગણેશ વિસર્જન તથા જળઝીલણી એકાદશી મહોત્સવ














શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલમાં શ્રી ગણેશ વિસર્જન તથા જળઝીલણી એકાદશી મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. નીજ મંદિરથી વાજતે ગાજતે શોભાયાત્રા નિકળી હતી. જેમાં પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી ઉપસ્થિત રહ્યા હતા અને શ્રી ઠાકોરજીનું તથા શ્રી ગણેશજીનું પૂજન અર્ચન તથા આરતી કરી હતી. હજારો હરિભક્તોની મેદની વચ્ચે શ્રી ઠાકોરજીને ગોમતીજીમાં સ્નાન અને નૌકાવિહાર તથા શ્રી ગણેશજીનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

RNI No. GUJ/GUJ/2010/38053. The Postal Regn. No. "G-KDA-86/2011-13" Valid up to 31.12.2013. Posted From Vadtal Post Office. On 20th Date of every month

કાર્તિક સુદી એકાદશી, તેહનું પ્રબોધિની નામ ।
તેદી સત્સંગી સંત સહુ, આવજો વડતાલ ગામ ।।

પ.પૂ. શ્રી અથાણાવાળા સ્વામીની સ્મૃતિમાં



# સુવર્ણ શિખર ઉદ્ઘાટન મહોત્સવ

## વડતાલ

પ.પૂ.સ.ગુ. શ્રી પુજારી સ્વામી શ્રી કૃષ્ણજીવનદાસજી (અથાણાવાળા) ની દિવ્ય સ્મૃતિમાં વડતાલ મંદિરના ત્રણ શિખર સુવર્ણ મંડીત કરવા શુભ સંકલ્પ કરેલ તો તે ત્રણ શિખર સુવર્ણથી મંડીત બની ઝળહળી રહ્યા છે. **ભવ્ય ઉદ્ઘાટન મહોત્સવ તા. ૧૧-૧૧ થી ૧૭-૧૧-૨૦૧૩ સુધી ઉજવાશે તો** આ દિવ્ય પ્રસંગે દેવોના અભિષેકદર્શન કથામૃત રસપાન તથા પૂ. આચાર્ય મહારાજનાં તથા પૂ. સંતોનાં દર્શન પ્રવચન તથા સહુ સત્સંગીજનોનાં દર્શનનો અલૌકિક લાભ લેવા પધારવા અમારુ હાર્દિક આમંત્રણ છે.

**નિમંત્રક**

મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતિ ચેરમેન પાર્ષદ ભાસ્કર ભગત તથા કોઠારી સ્વામી શ્રી નિલકંઠચરણદાસ તથા પુરાણી સ્વા. વિષ્ણુપ્રકાશદાસ અથાણાવાળા તથા સંત મંડળનાં સસ્નેહ જયશ્રી સ્વામિનારાયણ



## શ્રી હરિકૃષ્ણ મહારાજ યાત્રિક ભુવન તથા સંતોના ઉતારા અને સંતોના ભોજનાલયનું ઉદ્ઘાટન



પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી તથા વડીલ બ્રહ્મનિષ્ઠ સંતોના હસ્તે કરવામાં આવશે.

તારીખ : સંવત ૨૦૭૦ કારતક સુદ - ૧૧ને બુધવાર તા. ૧૩-૧૧-૨૦૧૩

સમય : સાંજે ૫-૦૦ થી ૬-૦૦ કલાકે